આજનો સુવિચાર
જિંદગી ખુલ્લી કિતાબ છે તેનો અર્થ એવો નથી કે મનફાવે ત્યારે પાના ફાડી નાખવા !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૩૩ જૂનાગઢ તા.૨૦-૯-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 233, Junagadh : Date : 20 September, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

### નવા સંસદ ભવનમાં મહિલા અનામત બીલ પર ચર્ચાનો પ્રારંભ

# સોનિયા ગાંધીએ એસસી, એસટી, ઓબીસી મહિલાઓ માટે અનામતની માંગણી કરી


નવી દિલ્હી તા. ૨૦

મહિલા અનામત બિલ પર આજે લોકસભામાં ચર્ચા શરૂ થઈ ગઈ છે કાયદા મંત્રી અર્જુન મેઘવાલે મહિલાઆરક્ષણબિલ (નારીશકતિ વંદન એક્ટ) રજૂ કર્યું હતું. બીલ પર ચર્ચા માટે સવારે ૧૧ થી સાંજે ૬ વાગ્યા સુધી ૭ કલાકનો સમય નક્કી કરવામાં આવ્યો છે. કોંગ્રેસ વતી સોનિયા ગાંધી લોકસભામાં વકતવ્ય આપ્યું હતું. ચર્ચાનો પ્રારંભ આજે કોંગ્રેસનાં વરીષ્ઠ નેતા સોનિયા ગાંધી દ્વારા કરવામાં આવ્યો હતો. મહિલા અનામત મામલે બોલતા સોનિયા ગાંધીએ કહયું કે, મહિલા અનામત વિધેયકની અમલવારીમાં વિલંબથી મહિલાઓ સાથે અન્યાયની બાબત છે. સોનિયા ગાંધીએ તુરત આ વિધેયક પર અમલવારીની માંગણી કરી હતી. તેટલું જ નહી તેમણે કહયું કે, કોંગ્રેસ હંમેશા આ બીલનું સમર્થન કરતી આવી છે. સોનિયા ગાંધીએ વધુમાં જાતિ આધારીત વસ્તી ગણતરીની પણ માંગણી કરી હતી તેમજ ઓબીસી, એસસી, એસટી મહિલાઓ માટે અનામતની પણ માંગણી કરી હતી. આજના મુખ્ય વકતાઓમાં ભાજપ તરફથી સ્મૃતિ ઈરાની, નિર્મલા સીતારમણ અને દિયા કુમારીનું નામ સામેલ છે. બિલને લઈને હોબાળો થવાની પણ શક્યતાઓ છે. મહિલા અનામત બિલ પર પણ રાજનીતિ તેજ થઈ ગઈ છે. વિપક્ષે કેન્દ્ર પર નિશાન સાધ્યું છે. જયારે કોંગ્રેસે આ બિલને મોદીનો બીજો સ્ટંટ ગણાવ્યો હતો, ત્યારે AIMIM ચીફ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું હતું કે મુસ્લીમ મહિલાઓ માટે ક્વોટાનો અભાવ તેની મોટી ખામી છે.

ગત સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે કેન્દ્રીય કેબિનેટે મહિલા અનામત બિલને મંજૂરી આપી દીધી છે. . મહિલા આરક્ષણ બિલ લોકસભા અને રાજય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩% ક્વોટાની જોગવાઈ કરે છે. જો આ બિલને કાયદાકીય દરજ્જો મળશે તો લોકસભામાં મહિલા સભ્યોની સંખ્યા વધીને ૧૮૧ થઈ જશે. હાલમાં તેમની સંખ્યા ૮૨ છે. તેવી જ રીતે વિધાનસભાઓમાં પણ મહિલાઓની ભાગીદારી વધશે.



## અમદાવાદ સહિત ૮ મેટ્રો સીટીમાં જિયો એર ફાયબર સેવા લોન્ચ કરી




અમદાવાદ તા.૨૦

અમદાવાદ સહિત દેશના ૮ મેટ્રો સીટીમાં જિયો એરફાઈબર લોન્ચ કરવાની જાહેરાત રિલાયન્સ જિયો ઈન્ફોકોન લિમિટેડના ચેરમેન આકાશ અંબાણીએ કરી છે. વિશ્વના સૌથી મોટા ખાનગી મોબાઈલ ડેટા નેટવર્ક જીઓ એ જીયો એર ફાઈબર સેવાઓ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. જે ૮ મેટ્રો શહેરોમાં ઘરેલુ મનોરંજન, સ્માર્ટ હોમ સેવાઓ અને હાઈ-સ્પીડ બ્રોડબેન્ડ માટે એકીકૃત એન્ડ-ટુ-એન્ડ સોલ્યુશન છે.

# કેનેડાએ વધુ એક ઉંબાડિયુ કર્યુ : ભારત વિરોધી ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી

નવી દિલ્હી,તા. ૨૦

ખાલિસ્તાની સમર્થકો દ્વારા કેનેડામાં પોતાની નબળી સ્થિતિ મજબૂત કરવાનો પ્રયાસ કરી રહેલી જસ્ટિન ટ્રૂડો સરકારે વધુ એક કુચેષ્ટા કરી છે. જસ્ટિન ટ્રૂડો સરકારે ટ્રાવેલ એડવાઈઝરી જારી કરીને તેના નાગરિકોને ભારતના જમ્મુ -કાશ્મીર રાજયમાં મુસાફરી કરવાનું ટાળવા જણાવ્યું છે. કેનેડાની સરકારે તેનું કારણ રાજયમાં અભૂતપૂર્વ સુરક્ષાની સ્થિતિને ટાંકી છે.

કેનેડા સરકારે ભારત માટે તેની ટ્રાવેલ એડવાઈઝરીમાં અણધારી સુરક્ષા સ્થિતિને કારણે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરની મુસાફરી ટાળવા જણાવ્યું છે. આતંકવાદ, ઉગ્રવાદ, નાગરિક અશાંતિ અને અપહરણનો ભય છે. એડવાઈઝરીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે લદ્દાખ આ સ્થળોમાં સામેલ નથી.

આ સિવાય કેનેડાએ ટ્રાવેલ એડવાઈઝરીમાં તેના નાગરિકોને અણધારી સુરક્ષા ચિંતાઓને કારણે ગુજરાત, પંજાબ અને રાજસ્થાનમાં પાકિસ્તાન બોર્ડરથી ૧૦ કિલોમીટરની અંદર મુસાફરી કરવાનું ટાળવા કહ્યું છે. સરહદી વિસ્તારોને લઈને જારી કરવામાં આવેલી આ એડવાઈઝરીમાં અટારી-વાઘા બોર્ડરનું નામ નથી.

કેનેડા લાંબા સમયથી ખાલિસ્તાનીઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન રહ્યું છે. કેનેડામાં ખાલિસ્તાનીઓ ખુલ્લેઆમ ભારત વિરોધી ગતિવિધિઓ કરી રહ્યા છે કે કેનેડાની જસ્ટિન ટૂડો સરકાર ખુલ્લેઆમ ખાલિસ્તાનીઓને પ્રોત્સાહન આપી રહી છે એમ કહેવું ખોટું નહીં હોય. ભારત લાંબા સમયથી કેનેડા પાસે ખાલિસ્તાનીઓ અને તેમના દ્વારા શરૂ કરાયેલા ભારત વિરોધી અભિયાનો વિરુદ્ધ કાર્યવાહીની માંગ કરી રહ્યું છે, પરંતુ જસ્ટિન ટ્રૂડો સરકાર વોટના લોભમાં ખાલિસ્તાનીઓના પક્ષમાં ઉભી હોય તેવું લાગી રહ્યું છે.

# હવે ડુંગળી લોકોને રડાવશે



નાસિક, તા.૨૦: ડુંગળી ફરી એકવાર લોકોને રડાવી દેવા માટે તૈયાર છે. ચુંટણીના વર્ષોમાં ડુંગળી વારંવાર ક્રોધાવેશ બતાવવાનું શરૂ કરે છે. ક્યારેક પાક નિષ્ફળ જવાને કારણે તો ક્યારેક સંગ્રહખોરીને કારણે. જો આ વખતે ડુંગળીના ભાવ વધશે તો ડુંગળીના વેપારીઓ હડતાળ પર ઉતરશે. કારણ કે, મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં ૧૫ એપીએમસીમાંથી ડુંગળી ખરીદતા ૫૦૦ થી વધુ વેપારીઓએ બુધવાર એટલે કેઆજથી અનિશ્ચિત મુદ્દતની હડતાળની જાહેરાત કરી છે. મંડીઓમાં ડુંગળીની હરાજીમાં ભાગ નહી લેવાનું નક્કીકર્યું છે, જે દેશના વિવિધ ભાગોમાં ઉત્પાદનના પુરવઠાને અસર કરી શકે છે.

ડુંગળીના વેપારીઓના જણાવ્યા અનુસાર, કેન્દ્ર સરકારની બે એજન્સીઓ - નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ અને નેશનલ કોઓપરેટિવ કન્ઝયુમર્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ નાસિકના ખેડૂતો પાસેથી ડુંગળી ખરીદી રહી છે અને ભાવ વેપારીઓ તેમના વસૂલ કરે છે તેના કરતાં ઘણી વધારે છે. દેશના વિવિધ ભાગોમાં જથ્થાબંધ ખરીદદારો. એપીએમસીને ઓછી કિંમતે વેચાણ. કેટલાક વેપારીઓએ જણાવ્યું હતું કે ભાવમાં ૫૦૦-૭૦૦ રૂપિયા પ્રતિ કિવન્ટલ વચ્ચેનો તફાવત હતો. મુંબઈના કેટલાક ભાગોમાં ડુંગળીના છૂટક ભાવ રૂા. ૨૫-૩૦ પ્રતિ કિલોગ્રામ થી વધીને રૂા. ૩૫-૪૦ પ્રતિ કિલો થઈ ગયા છે.

# ક્રુડ તેલનાં ભાવમાં ભડકો : મોંઘવારી બેકાબુ બનશે

નવી દિલ્હી તા.૨૦

લાંબા વખતથી ખાદ્ય સહીતની ચીજોમાં મોંઘવારીનો માર સહન કરતી પ્રજાની સાથોસાથ હવે સરકારની પણ અગ્નિ પરીક્ષા થવાના એંધાણ છે. વૈશ્વીક ક્રૂડનો ભાવ ૯૫ ડોલરે ૧૦ મહિનાની ઉંચી સપાટીએ પહોંચી જતા પેટ્રોલ-ડીઝલનાં ભાવ વધારાનું જોખમ સર્જાવાની ભીતિ છે. જોકે, ચૂંટણીને ધ્યાને રાખીને તેલ કંપનીઓ ગ્રાહકો પર કદાચ બોજો નહિં નાખે પરંતુ ફુગાવાને કાબુમાં લેવાનું સરકાર માટે પડકારજનક બનશે. ઉપરાંત રીઝર્વ બેંકનું વ્યાજદરમાં રાહત આપવાનું ગણીત પણ બગડી શકે છે.

સાઉદી અરેબીયા તથા રશીયાએ ઉત્પાદન કાપનો ગાળો ડીસેમ્બર સુધી લંબાવવાનું જાહેર કરતા તથા અમેરીકાનુ ક્રુડ ઉત્પાદન મે મહિના પછીના સૌથી નીચા સ્તરે પહોંચતા વૈશ્વીક સ્તરે ક્રુડમાં તેજી થઈ છે.

તેલ કંપનીઓનો પડતર ખર્ચ વધ્યો હોવા છતાં ચૂંટણીને કારણે સરકાર તેઓને ભાવ વધારા માટે મંજુરી આપી તેમ નથી. ફૂગાવો વધે તો સરકાર વિપક્ષોનું નિશાન બની શકે તેવુ પણ જોખમ ઉભુ થાય. મે ૨૦૨૨થી પેટ્રોલ-ડીઝલના રીટેઈલ ભાવમાં કોઈ બદલાવ થયો નથી.

જાણકારોનાં કહેવા પ્રમાણે આવતા વર્ષે લોકસભા ચૂંટણી પૂર્વે ચાલુ વર્ષે મધ્યપ્રદેશ, રાજસ્થાન, છતીસગઢ સહીતના રાજયોમાં વિધાનસભા ચૂંટણી થવાની છે. પેટ્રોલ-ડીઝલમા ભાવ વધારો ન કરાય તો સરકારી તેલ કંપનીઓએ નુકશાની ભોગવવી પડશે. ગત નાણા વર્ષનાં પ્રથમ ૬ માસમાં તેલ કંપનીઓને ૨૧૦૦૦ ક્રોડની જંગી ખોટ થઈ હતી. એક તબકકે પ્રતિલીટર, ૧૨ થી ૧૪ રૂપિયાનું નુકશાન હતુ. છેલ્લા મહિનાઓમાં ક્રુડ ૮૦ ડોલર આસપાસ રહેતા રાહત થઈ હતી. પરંતુ ફરી વખત તેજીથી સરકારની અગ્નિ પરીક્ષાની આશંકા છે.


ક્રુડનો ભાવ ઉંચો જ રહેવાના સંજોગોમાં ટુંકા તથા લાંબા ગાળાએ પણ વ્યાપક અસર થઈ શકે છે. ચૂંટણી પૂર્વે મોંઘવારી કાબુમાં દર્શાવતાં રીઝર્વ બેંક વ્યાજદર ઘટાડશે તેવી અટકળો હતી. પરંતુ તે ઉંધી પડી શકે છે. લોકોને લોનના હપ્તામાં કોઈ રાહત નહી મળે આ સંજોગોમાં લાંબા ગાળે મોંઘવારી-ફૂગાવો વધવાનું જોખમ વધશે.

# રાજયની જેલોમાં કેદીઓનો ભરાવો

ગાંધીનગર,તા.૨૦

રાજયની મોટાભાગની જેલો ઓવર ક્રાઉડેડ છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત લઈને સબ જેલોમાં પણ ક્ષમતા કરતા વધુ કેદીઓ ઠાંસી ઠાંસીને ભરવામાં આવ્યા છે. લાંબા સમયથી જેલ તંત્ર નવી જેલોના બાંધકામનો દાવો કરેછે પરંતુ હજુ સુધી નકકર કામ ન થતા જેલોમાં કેદીઓને કફોડી સ્થિતિમાં રહેવાની સ્થિતિ આવી છે. રાજયની ૨૦ જેટલી જેલમાં કેદીઓને રાખવાની ક્ષમતા નિયત કરવામાં આવી છે પરંતુ માર્ચ ૨૦૨૩ની સ્થિતિએ તેના કરતા વધુ કેદીઓ હોવાની જેલ વિભાગ દ્વારા કબુલાત કરવામાં આવી છે. કુલ ૧૧૬૩૦ કેદીઓને રાખવાની ક્ષમતા સામે તે સમયે ૧૫૫૪૦ કેદીઓ જેલમાં હતા એટલે કે ૩૮૧૦ કેદીઓ વધુ રાખવામાંઆવ્યા હતા. ક્ષમતા કરતા વધુ કેદીઓને રાખવા પાછળના કારણમાં જેલ વિભાગના દાવા મુજબ કોર્ટ દ્વારા કાચા આરોપીઓને જેલ કસ્ટડીમાં મોકલવા અને સજા ફરમાવેલા કેદીઓને સજા ભોગવવા અંગે કોર્ટના હુકમો અનુસાર કેદી-કાચા કામના આરોપીઓને જેલમાં રખાય છે. તે સાથે અટકાયતીઓને પણ સતાધિકારીઓ દ્વારા જેલમાં રાખવામાં આવતા હોવાથી કેદીઓની સંખ્યામાં વધારો થાય છે. જેલોમાં ઓવર ક્રાઉડેડ કેદીઓની સ્થિતિનું નિવારણ અંગે જેલ વિભાગ દ્વારા જણાવ્યા મુજબ ૮ નવી જેલનું બાંધકામ થતા અને અમદાવાદ-વડોદરામધ્યસ્થજેલનું વિસ્તરણ થતા કેદીઓને રાખવાની ક્ષમતામાં ૩૫૮૦ જેટલો વધારો થશે.

## દેવઆનંદનો બંગલો રૂા.૪૦૦ કરોડમાં વેચાયો



મુંબઈ, તા.૨૦: દિવંગત અભિનેતા દેવ આનંદનો મુંબઈના જુહુમાં આવેલો બંગલો વેચાઈ ગયો છે. દેવ આનંદના પરિવારે આ નિર્ણય લીધો છે કારણ કે તેઓ આ બંગલાની દેખભાળ કરવા સક્ષમ નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ૭૩ વર્ષ જૂના આ બંગલાને તોડીને અહીં ૨૨ માળનો ટાવર બનાવવામાં આવશે. કહેવામાં આવી રહ્યું છે કે આ બંગલો લગભગ ૪૦૦ કરોડ રૂપિયામાં વેચાયો છે. દેવ આનંદનો આ બંગલો જુહુના પ્રાઈમ લોકેશન પરઆવેલોછે અને આ બંગલાની ડીલ લગભગ ૪૦૦ કરોડ રૂપિયામાં થઈ છે.

# દારૂની જેમ સોશિયલ મીડિયા પણ વ્યસની બનાવી દે છે વયની મર્યાદા નકકી થવી જોઈએ : કર્ણાટક હાઈકોર્ટ

બેંગ્લોર, તા.૨૦: કર્ણાટક હાઈકોર્ટે કહ્યું હતું કે દારૂ પીવાની કાયદેસર વયની સમાન જ સોશિયલમીડિયાનો ઉપયોગ કરવા માટેની વય મર્યાદા હોવી જોઈએ, જસ્ટિસ જી. નરેન્દ્ર અને જસ્ટિસ વિજયકુમાર એ. પાટીલની ડિવિઝન બેન્ચે ૩૦ જૂનના સિંગલ બેન્ચના આદેશને પડકારતી X કોર્પ (અગાઉ ટ્વિટર)ની અપીલની સુનાવણી કરતી વખતે આ ટિપ્પણી કરી હતી.

બાળકો સોશિયલ મીડિયાના વ્યસની બની ગયા છે, તે દેશ માટે સારું નથી. જસ્ટિસ નરેન્દ્રએ કહ્યું કે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂક્વો જોઈએ. આજના શાળાએ જતા બાળકોતેના વ્યસની બનીગયા છે. મને લાગે છે કે ત્યાં વય મર્યાદા હોવી જોઈએ કોર્ટે કહ્યું કે બાળકો ૧૭ કે ૧૮ વર્ષના હોઈ શકે છે, પરંતુ શું તેમનામાં એ નક્કી કરવાની પરિપકવતા છે કે દેશના હિતમાં શું (સારું) છે અને શું નથી? માત્ર સોશિયલ મીડિયા પર જ નહીં, ઈન્ટરનેટ પર પણ બાળકોને બગાડતી વસ્તુઓ દૂર કરવી જોઈએ. સરકારે સોશિયલ મીડિયાના ઉપયોગ માટે વય મર્યાદા નક્કી કરવાનું પણ વિચારવું જોઈએ.

## સમાચાર રાઉન્ડ અપ

- ભારત - દુબઈ વચ્ચે ટુંક સમયમાં પેસેન્જર શીપ સર્વિસ શરૂ થશે : ભાડુ રૂા.૧૨ થી ૧૫ હજાર રહેશે
- વિશ્વનાં સૌથી મેદસ્વીતા ધરાવતા લોકોમાં ૧૫ ટકા ભારતમાં : WHO નાં અહેવાલ મુજબ વિશ્વમાં ૧૭૦ કરોડ જાડિયા લોકો છે.
- પોસ્ટ ઓફિસની સુપરહિટ મન્થલી ઈન્કમ સ્કીમ : એક સાથે રૂા. ૫ લાખ જમા કરો, મહિને રૂા.૩૦૮૩ની ગેરેંટેડ આવક મેળવો
- છેલ્લા ૬ મહિનામાં ૩૦ લાખથી વધુ ભારતીયોએ વિઝા માટે અરજી કરી
- ભારત - કેનેડા તણાવથી રૂા. ૪૦ હજાર કરોડ દાવ પર લાગ્યા : ૩૦ ભારતીય કંપનીઓની ચિંતા વધી

દુકાન / ઓફીસ ખરીદવા માટે
ક્રિસ્ટલ મોલમાં
નવી કોર્ટ બિલ્ડીંગની બાજુમાં ચીત્તાખાના ચોક, એમ.જી. રોડ જૂનાગઢ ખાતે ખાસ વકીલ મિત્રો માટે
ઓફીસ લાયક જગ્યા
ત્રીજા માળે - ૫ દુકાન
ચોથા માળે - ૬ દુકાન
વેચાણથી આપવાની છે. વકીલ મિત્રો સિવાય મોબાઈલ, હોઝીયરી, કાપડના વેપાર માટે ખાસ ઉપયોગી દુકાન / ઓફીસ ખરીદવા માટે
:: સંપર્ક કરો ::
મો. ૯૭૨૪૩ ૮૫૫૫૫

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...



વર્ષા
ઈન્ડસ્ટ્રીઝ એન્ડ
પ્રા. લી.
મહાસાગર પેટ્રોલ પંપ સામે, રાજકોટ હાઈવે રોડ, સુખપુર - ૩૬૨ ૩૧૦
જી. જૂનાગઢ (ગુજરાત)
ફોન : ૦૨૮૫- ૨૬૬૦૦૮૮
(૦૨૮૫) - ૨૬૬૦૦૯૯



નવરાત્રી મહોત્સવ મનાવો ટાઉનહોલનાં ગ્રાઉન્ડમાં
- શું આપ નવરાત્રી મહોત્સવ માટે પાર્ટી પ્લોટ કે મેદાન રાખવાનું વિચારી રહયા છો ?
- શું આપ સર્વજ્ઞાતિય નવરાત્રી મહોત્સવનાં આયોજન માટે વિચારી રહયા છો ?
- શું આપ એક દિવી -બે દિવસ અથવા ૧૦ દિવસ માટે ગ્રુપમાં દાંડીયા રાસનાં આયોજનનું વિચારી રહયા છો ?

તો મુંઝાશો નહી... કારણ કે....
જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલ કાળવા ચોક ખાતે આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલનું ગ્રાઉન્ડ છે જ...
આ ગ્રાઉન્ડ આધુનીક સુવિધાઓથી સજજ છે જેમાં લાઈટ ડેકોરેશન, નામી ઓરકેસ્ટ્રા મ્યુઝીકલ પાર્ટી, નામી કલાકારો સાથેની પણ વ્યવસ્થા છે આપને તો માત્ર નવરાત્રી મહોત્સવનું આયોજન જ કરવાનું છે બાકી સંપૂર્ણ સુવિધાથી સજજ છે
વહેલા તે પહેલાનાં ધોરણે
તો આપ રાહ શેની જોઈ રહયા છો ...?
બુકીંગ ચાલુ છે
સંપર્ક : મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧
જૂનાગઢ

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૬૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માપસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

# ગણેશ ચતુર્થીના પવિત્ર અવસરે ગુજરાતમાં બે અંગદાન : સુરત અને અમરેલીના બે બ્રેઈનડેડ વ્યક્તિ ચાર લોકોના જીવનમાં વિઘ્નહર્તા બન્યા જીવનદાતા





**બે બ્રેઈનડેડ વ્યક્તિઓના અંગદાનથી ચાર જરૂરિયાતમંદોને નવજીવન : અમરેલીમાં પ્રથમ વખત અંગદાન થયું - એક લીવરનું દાન મળ્યું : સુરતમાં થયેલ અંગદાનમાં બે કિડની અને હૃદયનું દાન મળ્યું**


(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૦

દેવોમાં જેમનું ઉચ્ચ સ્થાન છે તેવા વિઘ્નહર્તા ગણેશજીના વધામણા સમગ્ર દેશમાં ગણેશચતુર્થીએ શરૂ થયા છે. ગુજરાતમાં ગણેશચતુર્થીના પાવન અવસરે અંગદાન ક્ષેત્રે પવિત્ર ઘટના બની છે. ગણેશચતુર્થીના દિવસે સુરત અને અમરેલી જિલ્લામાં એક - એક અંગદાન થયું છે. અમરેલી જિલ્લામાં ગણેશ ચતુર્થીના અવસરે અંગદાનની સેવાકીય પ્રવૃતિમાં ગણેશજીના આશીર્વાદ વરસ્યા છે અને પ્રથમ વખત અમરેલી જિલ્લામાં અંગદાન થયું છે જેમાં એક લીવરનું દાન મળ્યું છે. સુરત જિલ્લામાં થયેલ અંગદાનની વિગતો જોઈએ તો, ૪૩ વર્ષના બિપિનભાઈ વાધાડિયાને બ્રેઈન હેમરેજ થતા સુરતની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. જેઓ બે દિવસની સઘન સારવારના અંતે બ્રેઈનડેડ થતા પરિવારજનોએ અંગદાન માટે સંમતિ દર્શાવી. પરિવારજનોના આ ઉમદા ભાવને હોસ્પિટલના સમગ્ર તંત્રએ બિરદાવ્યું. બિપિનભાઈના અંગોના રીટ્રાઈવલની પ્રક્રિયાનો પ્રારંભ થયો. અંદાજીત ૬ થી ૭ કલાકની મહેનતના અંતે બે કિડની અને હૃદયનું દાન મેળવવામાં સફળતા મળી. જે બંને અંગોને સુરતની જ ખાનગી હોસ્પિટલમાં SOTTOમાં રજીસ્ટ્રર દર્દીઓના અગ્રતા ક્રમ પ્રમાણે ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે. અમરેલીમાં પ્રથમ વખત થયેલ અંગદાનની વિગતો જોઈએ તો, ૮૩ વર્ષના વયોવૃધ્ધ દમયંતિબેન મહેતાના પણ બ્રેઈનહેમરેજ થતા સ્થાનિક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. જ્યાં ચાર દિવસની સારવાર બાદ તબીબો દ્વારા બ્રેઈનડેડ જાહેર કરાતા પરિવારજનોએ પરોપકારભાવ સાથે અંગદાન માટેની ઈચ્છા વ્યક્ત કરી. જેમાં બ્રેઈનડેડ દમંયતિબેનના લીવરનું દાન મળ્યું જેને અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ દર્દીમાં ટ્રાન્સપ્લાન્ટ કરાયું છે. SOTTO ના કન્વીનર ડો. પ્રાંજલ મોદીએ આ અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટ સંદર્ભે જણાવ્યું હતુ કે, હિન્દુ ધર્મમાં અંગોના પ્રત્યારોપણનું ઉત્તમ ઉદાહરણ શ્રી ગણેશ છે. તેઓ વિઘ્નહર્તા છે. આ પવિત્ર દિવસે રાજ્યમાં બે બ્રેઈનડેડ યુવક અંગદાનથી ચાર જરૂરિયાતમંદોના જીવનના વિઘ્નહર્તા બન્યા છે. આમ આ બંને અંગદાન અને ચાર ટ્રાન્સપ્લાન્ટથી ગણેશ ચતુર્થીની ઉજવણી ખરા અર્થમાં સાર્થક થઈ છે. અમદાવાદ મેડિસીટી સ્થિત GUTS (ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટ સાઈન્સીસ) અને SOTTO (State Organ Tissue And Transplant Organisation) દ્વારા રાજ્યમાં કેડેવર રીટ્રાઈવલ અને ટ્રાન્સપાલન્ટનો વ્યાપ વધે, લોકોમાં જનજાગૃતિ આવે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે તેમ ડો. મોદીએ ઉમેર્યુ હતું.

# નેશનલ સ્કૂલ ગેમ્સમાં પ્રેમાનંદ વિદ્યા મંદિરના વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૦

હાલમાં ચાલી રહેલી અખિલ ભારતીય શાળાકીય રમતો એટલે કે નેશનલ સ્કૂલ ગેમ્સ. જેમાં તાજેતરમાં ચેસની જીલ્લા કક્ષાની ગેમ યોજાઈ હતી. આ ચેસમાં પ્રેમાનંદ વિદ્યા મંદિરમાંથી જે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાંથી બે વિદ્યાર્થીઓ અન્ડર-૧૪માં ડિસ્ટ્રિક્ટ લેવલ ઉપર સિલેક્ટ થયા છે. જેમાં ખુંટી અક્ષીતાબેન તથા પઢીયાર પૂર્વાબેન આવેલ છે. હવે આ બંને બહેનો સ્ટેટ લેવલ રમવા જશે. જેના માટે પૂજ્ય શ્રી મુક્તાનંદ બાપુ, ગિજુભાઈ ભરાડ, ડો. માતંગ પુરોહિત તથા સમગ્ર પ્રેમાનંદ પરિવાર તેમને શુભેચ્છાઓ પાઠવે છે.

# હાટકેશ યુવક મંડળ દ્વારા "હાટકેશ કા રાજા ગણપતિ દાદાનું" સ્થાપન કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢમાં ગંધ્રપવાડા વિસ્તારમાં આવેલ હાટકેશ્વર મહાદેવ મંદિરે હાટકેશ યુવક મંડળ દ્વારા વાજતે ગાજતે ‘હાટકેશ કા રાજા’ ગણપતિ દાદાનું સ્થાપન કરવામાં આવ્યું હતું. ચાર દિવસીય ગણેશ મહોત્સવ ઉજવણી અંતર્ગત હાટકેશ્વર મહાદેવ મંદિર પટાંગણમાં સુંદરકાંડના પાઠ, સત્યનારાયણ ભગવાનની કથા, ભજન કીર્તન સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો તમામ ધર્મપ્રેમી ભાવિકોએ લાભ લેવા હાટકેશ યુવક મંડળના ઉમેદસિંહ સોલંકીએ યાદીમાં જણાવ્યું છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હળવા ઝાપટાનો દૌર યથાવત: ભાણવડમાં એક ઈંચ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૦

સમગ્ર ગુજરાતમાં ભારે વરસાદ પડી રહયો છે અને નદી-નાળા છલકાઈ ગયા છે ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગઈકાલે મંગળવારે પણ વરસાદી ઝાપટા વરસ્યા હતા. ભાણવડ તાલુકામાં ગઈકાલે હળવા તથા ભારે ઝાપટા રૂપે ૨૪ મીલીમીટર, જયારે દ્વારકા તાલુકામાં ૧૮ મીલીમીટર અને કલ્યાણપુર તાલુકામાં ૧૨ મીલીમીટર ત્યારે ખંભાળિયા તાલુકામાં માત્ર ૯ મીલીમીટર વરસાદ વરસ્યાનું નોંધાયું છે. આ સાથે મોસમનો કુલ વરસાદ ખંભાળિયામાં ૧૪૫૧ મીલીમીટર, દ્વારકામાં ૭૭૩, કલ્યાણપુરમાં ૬૯૮ અને ભાણવડ તાલુકામાં ૫૬૭ મીલીમીટર નોંધાયો છે.

આ વરસાદના પગલે ખેતીના પાકમાં નોંધપાત્ર ફાયદા સાથે જળ સ્ત્રોતોમાં પણ વધારો થયો છે. ખંભાળિયા સહિત જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં ગતરાત્રિ પછી આજે સવાર સુધી મહદ અંશે મેઘ વિરામ રહ્યો હતો.

## ગુજરાતમાં વરસાદનું જોર ઘટયું

# રાજયમાં સીઝનનો કુલ સરેરાશ વરસાદ ૧૦૦ ટકાને પાર

**વરસાદ પ્રભાવિત ૯ જિલ્લામાં કુલ ૧૬,૩૬૦થી વધુ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું**

અમદાવાદ, તા.૨૦

રાજ્યભરમાં ભારે વરસાદને પરિણામે સર્જાયેલી સ્થિતિને પૂર્વવત કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સતત માર્ગદર્શન હેઠળ સમગ્ર તંત્ર એલર્ટમોડ પર રહીને આપદા પ્રબંધન માટે સુસજ્જતા સાથે કામ કરી રહ્યું છે.

રાજ્યમાં ગત ૩-૪ દિવસોના પ્રમાણમાં આજે વરસાદનું જોર ઘટ્યું છે. આજે સવારના ૬.૦૦ થી સાંજના ૬.૦૦ કલાક દરમ્યાન કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં જ ૪ ઈંચથી વધુ, જ્યારે માત્ર ૩ જ તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત રાજ્યમાં સીઝનનો કુલ સરેરાશ વરસાદ ૧૦૦ ટકા પૂર્ણ થયો છે, તેમ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલમાં જણાવાયુંછે. અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે, વરસાદ પ્રભાવિત ૯ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૬,૩૬૦થી વધુ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૮ જિલ્લાના ૧૦૭૯ લોકોને રેસક્યું કરવામાં આવ્યા છે. રેસ્કયું કામગીરી માટે વરસાદ પ્રભાવિત જિલ્લાઓમાં દ્ગદ્ઘઈહ્વની ૧૦ અને જીદ્ગઈહ્વની ૧૦ ટીમ ખડેપગે તહેનાત કરાઈ છે. જરૂર પડ્યે વધુ ૫ ટીમ NDRFની અને SDRFની ૧૩ ટીમ સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે. ભારે વરસાદને કારણે રાજ્યમાં હાઈવે તથા પંચાયત માર્ગોને જે અસર પડી છે તેને પણ ઝડપભેર મરામત કરી ફરી શરૂ કરવા તંત્ર દ્વારા ખડેપગે રહી કામગીરી કરવામાં આવી રહી છે. ભારે વરસાદને પગલે અસરગ્રસ્ત વિસ્તારોના ૧૭,૨૪૨ ગામમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. તંત્ર દ્વારા ત્વરાએ ૧૭,૧૪૯ ગામમાં વીજ પુરવઠો પૂર્વવત કરાયો છે, જ્યારે બાકીના ૯૩ ગામમાં વીજ પુરવઠો પૂર્વવત કરવાની કામગીરી હાલ પ્રગતિમાં છે, તેમ વધુમાં જણાવાયું છે.

# ખંભાળિયામાં વિવિધ સ્થળોએ દુંદાળા દેવને સ્થાપિત કરાયા





**ગણેશ સ્થાપન બાદ પૂજન સહિતના વિવિધ કાર્યક્રમો**

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૦

વિઘ્નહર્તા દેવ ગણેશજીના મહાપર્વ એવા ગણેશોત્સવ નિમિત્તે મંગળવારે ખંભાળિયામાં અનેકવિધ સ્થળોએ ગણપતિ સ્થાપન કરવામાં આવ્યું હતું. અહીંના સતવારા વાડ ખાતે જાણીતા એકતા યુવક મંડળ દ્વારા પાંચ દિવસના ગણપતિ સ્થાપિત કરવામાં આવ્યા છે. જેને યુવાનોએ વાજતે ગાજતે અહીં લાવી અને ધાર્મિક વિધિથી પૂજન અર્ચન સાથે ગણેશ સ્થાપન કરવામાં આવ્યું હતું. અહીંના નવાપરા યુવક મંડળ દ્વારા નવાપરા, શેરી નંબર ૬ ખાતે ૧૧ દિવસના ગણપતિ લાવવામાં આવ્યા છે. અહીં દરરોજ વિવિધ પ્રકારના ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. આ સાથે અત્રેના જલારામ ચોક ખાતે જૂની મહાજનવાડીમાં પણ ગણપતિ સ્થાપન કરવામાં આવ્યું છે. શહેરના રામનાથ સોસાયટી, નવાપરા શેરી નંબર ૧, ખોડીયાર ચોક સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પણ ગણપતિનું સ્થાપન કરવામાં આવ્યું છે.

## કોન્સ્ટેબલ દ્વારા ગુનો દાખલ કરાવવામાં આવ્યો છે

# વરસતા વરસાદમાં ફિટનેસ ટ્રેનરને રીલ્સ બનાવવી ભારે પડી

**અમીન માર્ગ સાગર ટાવર ચોક પાસે એક બહેન જાહેર રોડ ઉપર યોગા કરતા હોય તે પ્રકારનો વીડિયો જોવા મળ્યો હતો**

રાજકોટ, તા.૨૦

છેલ્લા બે દિવસથી શહેરના અમીન માર્ગ રોડ પર એક ફિટનેસ ટ્રેનરની રીલ ઘણી જ વાયરલ થઈ રહી હતી.

આ અંગેનો વીડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. ત્યારે વાયરલ થયેલા આ વીડિયો મામલે રાજકોટ શહેરના માલવીયા નગર પોલીસ સ્ટેશન ખાતે ફિટનેસ ટ્રેનર દીના પરમાર (ઉ.વ.૪૦) વિરૂધ્ધ અંકિત નિમાવત નામના પોલીસ કોન્સ્ટેબલ દ્વારા ગુનો દાખલ કરાવવામાં આવ્યો છે.

સમગ્ર મામલે માલવિયા નગર પોલીસને આપેલી ફરિયાદમાં પોલીસ કોન્સ્ટેબલ અંકિત નિમાવતે જણાવ્યું છે કે, ગત ૧૮ તારીખના રોજ સવારના ૦૯:૦૦ વાગ્યાના અરસામાં અમિન માર્ગ સાગર ટાવર ચોક પાસે એક બહેન જાહેર રોડ ઉપર ટ્રાફિકને અડ્ચણરૂપ થાય તેરીતે પોતે જાહેર રોડ ઉપર યોગા કરતા હોય તે પ્રકારનો વીડિયો સોશિયલ મીડિયામાં જોવા મળ્યો હતો. જે અંતર્ગત વીડિયો વાયરલ કરનારની શોધખોળ કરતાં તેમનું નામ દીના પરમાર હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે સમગ્ર મામલે યોગા કલાસીસના વ્યવસાય સાથે સંકળાયેલી દીના પરમાર નામની મહિલા વિરુદ્ધ માલવિયા નગર પોલીસ સ્ટેશન ખાતે ipc ૨૮૩ મુજબ ગુનો રજીસ્ટર્ડ કરવામાં આવ્યો છે. ત્યારે સમગ્ર મામલે ફિટનેસ ટ્રેનર દીના પરમાર નામની મહિલાનો ૧૬ સેકન્ડનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જેમાં તેણીએ ટ્રાફિકને અડ્ચણરૂપ થઈ તે પ્રકારનો યોગા કરતો વીડિયો બનાવ્યો હતો.

તેબદલ તેણીએ માફી માંગી છે. તો સાથે જ પોતાના વીડિયોમાં તેણીએ જણાવ્યુંછે કે, પોતે ટ્રાફિક નિયમનનું પાલન કરે છે. તો સાથે જ કોઈ પણ ટ્રાફિકના નિયમનનું પાલન કરવું જોઈએ.

ઉલ્લેખનીય છે કે, અગાઉ જામનગર પોલીસ દ્વારા બેડી બંદર રોડ ઉપર જાહેરમાં ગરબાના સ્ટેપ કરનારા ગરબા કલાસીસના સંચાલક તેમજ કોરીયોગ્રાફર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. તેમજ તેમના વિરુદ્ધ જામનગર સાઈબર ક્રાઇમ દ્વારા અટકાયતી પગલા પણ લેવામાં આવ્યા હતા.

# ખંભાળિયાના શિરેશ્વર લોકમેળામાં બીજા દિવસે હજારોની જનમેદની ઉમટી





(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૦

ખંભાળિયા નજીકના શક્તિનગર વિસ્તારમાં દર વર્ષે ભાદરવા સુદ ત્રીજ-ચોથ-પાંચમના લોકમેળાનો પ્રારંભ સોમવારથી થયો છે.

ગઈકાલે બીજા દિવસે શિરેશ્વર મહાદેવ મંદિરના વિશાળ પટાંગણમાં મેળાની મોજ માણવા હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. અહીં વિવિધ પ્રકારની રાઈડ્સ, મનોરંજનના સાધનો, ખાણીપીણીની મોજ મોડી રાત્રે સુધી લોકોએ માણી હતી. લોકમેળા માટે ગ્રામ પંચાયત, પોલીસ વિભાગ તથા સરકારી તંત્ર દ્વારા તમામ પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આવતીકાલે ગુરૂવાર તા. ૨૧ મીના રોજ આ લોકમેળાની મંગલ પૂર્ણાહુતિ થશે.

## રાશન લેવા કે ઓફિસ જવા માટે પણ ઉડીને જાય!

# ૧૩૦૦ ઘરના ગામડામાં ઘરે ઘરે સાઈકલની જેમ જોવા મળે છે પ્લેન

**ગામમાં ૫૦૦૦ લોકો રહે છે : આમાંથી અડધાથી વધારે એટલે કે ૭૦૦થી વધુ ઘરના લોકો પાસે પોતાનું પ્લેન છે**

ફ્લોરિડા, તા.૨૦

પ્લેનમાં બેસવું આજે પણ અનેક લોકોનું સપનું હોય છે. લોકો પ્લેનને પસાર થતા આશ્ચર્યથી જોઈ રહેલા હોય છે. એમાં પણ પ્રાઈવેટ જેટ એટલે કે પોતાનું પ્લેન હોવું તો લક્ઝરી માાનવામાં આવે છે. એવામાં આજે એક એવા ગામની વાત કરીશું જેના મોટાભાગના લોકો પાસે પોતાનું પ્લેન છે અને તેમાં જ તેઓ નાસ્તો કરવા માટે અને ફરવા માટે જાય છે.

વાત છે અમેરિકાના ફ્લોરિડા પ્રાંતની સ્પ્રૂસ ક્રિક. આ ગામને રેસિડેન્સિયલ એરપાર્ક પણ કહેવામાં આવે છે. આ ગામમાં ૧૩૦૦ ઘર છે. જેમાં ૫૦૦૦ લોકો રહે છે. આમાંથી અડધાથી વધારે એટલે કે ૭૦૦થી વધુ ઘરના લોકો પાસે પોતાનું પ્લેન છે. જે તમને તેમના ઘરની આગળ પાર્ક થયેલા જોવા મળી શકે છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ ગામમાં રહેતા મોટાભાગના લોકો તાલીમ લીધેલા પાયલટ છે. એવામાં તેઓ પ્લેન રાખે અને ઉડાવે તે સામાન્ય વાત છે. પરંતુ આ ગામમાં અનેક જાણીતા વકીલ, ડૉક્ટર અને એન્જીનિયર્સ પણ રહે છે. તેઓ પણ પ્લેન રાખવાના શોખી છે. તેમણે પણ પ્લેન ઉડાડવાની તાલીમ લીધી છે. પ્લેનને ઉડાવવા અને લેન્ડ કરાવવા ગામની બહાર રનવે છે. ઘરેથી તેઓ કારની જેમ ચલાવતા રનવે સુધી લઈ જાય છે અને ત્યાંથી તેમને ગંતવ્ય સ્થાને પહોંચે છે. મજાની વાત તો એ છે કે, આ ગામના મોટાભાગના લોકો દરેક શનિવારે રનવે પર ભેગા થાય છે અને ત્યાંથી પ્લેન ઉડાવીને પ્રાંતના કોઈ મોટા એરપોર્ટ પર જઈને નાસ્તો કરે છે. જે બાદ તેઓ પરત ફરે છે.

જો કે, અમેરિકાનું આ માત્ર એક જ આવું ગામ નથી. ટેક્સાસ, વૉશિંગ્ટન, કેલિફોર્નિયા, એરિઝોના અને કોલોરાડો સહિત અનેક પ્રાંત એવા છે જેમાં આવા નજારા જોવા મળી શકાય છે. અમેરિકાની પ્રતિ વ્યક્તિ આવક ઉંચી છે

# મહિલા અનામત બિલથી ગુજરાતને મજબૂત ફાયદો થશે

ગાંધીનગર, તા.૨૦

આખરે મહિલા અનામત બિલનો દિવસ આવી ગયો છે. દાયકાઓના સંઘર્ષ પછી મોદી સરકારે તેને નવી સંસદના પ્રથમ દિવસની કાર્યવાહીમાં રજૂ કરી અને આ પ્રખ્યાત અને ઐતિહાસિક બિલ પર ચર્ચા શરૂ થઈ. મહિલા અનામત બિલ પર આજે ૭ કલાક સુધી ચર્ચા થવાની છે. સવારે ૧૧ કલાકે શરૂ થશે સંસદમાં બિલ ચર્ચા શરૂ થશે. આજે સંસદમાં ચર્ચા બાદ બિલ લોકસભામાં પસાર થશે. સંસદના નવા ગૃહમાં પ્રવેશની સાથે જ જે પહેલું બિલ રજૂ કરવામાં આવ્યું, તે મહિલા અનામત બિલ છે. કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે લોકભામાં રજૂ કરેલા આ બિલનું નામ છે નારી શક્તિ વંદન અધિનિયમ. રાજ્યસભાને સંબોધન દરમિયાન પ્રધાનમંત્રીએ આ બિલને પાસ કરાવવા દરેક સાંસદને અપીલ કરી હતી. ત્યારે આ બિલથી ગુજરાતના વિધાનસભામા શું સ્થિતિ રહેશે તેના પર નજર કરવા જેવી છે.

૫૦ ટકા મહિલા અનામતવાળા ગુજરાતને ૩૩ ટકા અનામતનો મજબૂત લાભ મળશે, નવા સીમાંકન બાદ ગુજરાત વિધાનસભામાં ૭૬ બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે. હાલમાં ૧૮૨ બેઠકો છે, જેમાંથી ૧૩ મહિલા ધારાસભ્ય છે. પરંતુ નવા સીમાંકનથી કુલ બેઠકો ૨૩૦ ને પાર થઈ જશે. તો લોકસભામાં પણ તેની અસર જોવા મળશે. લોકસભાની કુલ બેઠકો ૮૦૦ પર પહોંચશે. તો ગુજરાતમાંથી ૪૨ માઁથી ૧૪ મતક્ષેત્રોમાં મહિલાઓ હશે. ભારતની નવી સંસદમાં મૂકાયેલું પહેલુ બિલ એટલે મહિલા અનામત બિલ. જો આ લાગુ થયું તો ગુજરાત વિધાનસભામાં મહિલાઓ માટે ૭૬ સીટ થઈ જશે. સંસદમાં રજૂ થયેલા ૩૩ ટકા મહિલા અનામતના સુધારાથી ગુજરાતને મોટો ફાયદો થશે.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **જયશીલ જમનાદાસ રાજાણી** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **જયશીલકુમાર જમનાદાસ રાજાણી** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**જયશીલકુમાર જમનાદાસ રાજાણી**
"મીલન" શંભુનગર, શ્રીનાથ નગર પાછળ,
જૂનાગઢ - ૩૬૨૦૦૧

# ૧૨ વર્ષીય બાળકના કેન્સરની સફળ સારવાર કરતી રાજકોટ કેન્સર સોસાયટી

## દર્દીમાં જે ક્ષણથી કેન્સરનું નિદાન થાય તે જ ક્ષણથી સારવાર ખુબ જ જરૂરી : ડો.પુજા તન્ના



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૦

કેન્સર એએક એવો શબ્દ છે જેસાંભળતા આજે મોટા ભાગના લોકો ભયભીત થઈ જાય છે.એમાં પણ જો આ કેન્સર ફુલકા બાળકને થાય તો તેમના માતા- પિતાની પગ નીચેની જમીન અને ઉપરથી આકાશ ખસી જાય છે.આવા જ એક ૧૨ વર્ષીય બાળક જેને એક વર્ષ પહેલા લસીકા ગ્રંથીના કેન્સરનું નિદાન થયું હતું પરંતુ કેન્સર શબ્દથી બાળકના માતા-પિતા એટલા ભયભીત થઈ ગયા કે, એક વર્ષસુધી એમને કોઈ પણ પ્રકારની સારવાર લીધી ન હતી.

આ બાળકને નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલમાં કેન્સરના રોગોના નિષ્ણાંત મેડીકલ ઓક્રોજીસ્ટ ડો.પુજા તન્નાને જુન ૨૦૨૩માં બતાવ્યું ત્યારે તેની મુખ્ય ફરીયાદમાં શ્વાસચડતો હતો, પગેસોજા હતા તથા દર્દી પથારી વશ હાલતમાં જ હતો.એ ઉપરાંત લોહીના ટકા પણ ખુબ જ ઓછા હતા. ડો.પુજા તન્ના દ્વારા દર્દીની પ્રાથમીક તપાસ અને જરૂરી રિપોર્ટસ કરાવ્યા બાદ સારવાર શરૂ કરવામાં આવી. જેમાં કીમોથેરાપી સાથે જરૂરી સારવાર પણ આપવામાં આવી તથા દર્દીને ૧૦ દિવસ નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલમાં દાખલ રાખેલ હતો. ડો.પુજા તન્નાના જણાવ્યા મુજબ આજે કીમોથેરાપીના માત્ર ૨ ડોઝથી બાળકહરી ફરી શકેછે. વજનમાં ૫ કીલોનો વધારો નોંધાયો છે અને ફરી પોતાની જાતેસ્કુલે પણ જવા લાગ્યો છે. હાલ દર્દીની કીમોથેરાપીનીસારવાર ચાલુ છે જે ૬ મહિના સુધી ચાલશે જેથી કેન્સર ફરી આવવાની શકયતા ઓછી થઈ જાય. આ દર્દીની સારવાર 'માં અમૃતમ કાર્ડ' હેઠળ નિઃશુલ્ક કરવામાં આવી હતી. આ લેખનો ઉદેશ્યએ છેકે આપણે બીમારીથી ગભરાયએ નહી અને યોગ્ય સમયે યોગ્ય સારવાર કરીએ તો કેન્સર જેવા ઘાતક રોગને પણ નાથી શકાય. નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલમાં દરેક પ્રકારના કેન્સરની અધ્યતન સારવાર ઉપલબ્ધ છે. આ ઉપરાંત જે દર્દીના શેક ચાલતા હોય તેના સ્વજનોને રહેવા માટે પણ "અપના ઘર" ની સુવિધા ઉપલબ્ધ છે.

# જૂનાગઢ મનપા દ્વારા ગણેશ મહોત્સવ નીમીતે અસ્થાયી વિસર્જન કુંડનો પ્રારંભ કરાયો

## દર વર્ષે અસ્થાયી વિસર્જન કુંડમાં અંદાજિત ૨૦૦૦થી ૨૫૦૦ ગણપતિજીની મૂર્તિનું વિસર્જન



જૂનાગઢ, તા.૨૦

ગણેશ મહોત્સવ નિમિતે શ્રદ્ધાળુઓ દ્વારા ઘર શેરી, મહોલ્લા, સોસાયટીઓમાં ભગવાનશ્રી ગણેશજીની સ્થાપના કરવામાં આવે છે. જૂનાગઢ મનપા દ્વારા શહેરના શ્રધ્ધાળુઓની ધાર્મીક લાગણીને ધ્યાને લઈ ભગવાન ગણેશજીની સ્થાપના કરતા પંડાલો આયોજકો મંડળો વગેરે ગણેશજીની સ્થાપના પુર્ણ થયા પછી ગણેશજીની મૂર્તિ વિસર્જન માટે દર વર્ષેની જેમ જ ભવનાથ વિસ્તારમાં દુધેશ્વર મંદિર પાસે વોટરવર્કસનો ઈન્દ્રભારતીજીના પ્રવેશ દ્વાર જૂનાગઢ પાસે 'અસ્થાયી વિસર્જન કુંડ' બનાવવામાં આવેલ છે.જેમાં મૃગી કુંડ, નારાયણ ધરો તથા દામોદર કુંડ જેવા પવિત્ર જળાશયોના ત્રીવેણી સંગમના જળ સંગ્રહ કરી શાસ્ત્રોક્ત વિધિવત ગણપતીજીના વિસર્જન માટે વિસર્જન કુંડનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ત્રીવેણી સંગમમાં વિસર્જન કરી વિષેશ પુણ્ય અને ભાગ્યશાળી બનવા અને પર્યાવરણ તથા વહેતા પાણીને દુષિત થતુ અટકાવવાનાં સહિયારા પ્રયાસમાં સહભાગી થવા અને આ અસ્થાયી વિસર્જન કુંડમાં વિસર્જન કરવા માટે શ્રધ્ધાળુ ભાવિકોને માટીના ગણપતિ (ઈકો-ફ્રેઈન્ડલી) મૂર્તિની સ્થાપના કરવા અનુરોધ કરવામાં આવે છે .આ અસ્થાયી વિસર્જન કુંડમાં દર વર્ષે અંદાજિત ૨૦૦૦થી ૨૫૦૦ જેટલી ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવે છે તેમજ દર વર્ષેની જેમ રાઉન્ડ ધ કલોક ૨૪ કલાક કાર્યરત રહેશે.

# જૂનાગઢ જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસ્યાએ સજોડે જગતજનની અંબાજી માતાજીની પૂજા કરી



જૂનાગઢ, તા.૨૦ : જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસ્યા અને તેમના ધર્મપત્ની પૂજાબેન ડીએમસી જૂનાગઢ સજોડે ગિરનાર ઉપર બિરાજમાન જગતજનની માં અંબાના દર્શન અને પૂજન માટે પધારેલા. બંને અધિકારીઓએ માતાજી સન્મુખ પૂજા અર્ચના આરતી કરી હતી અને માતાજીના રૂડા આશીર્વાદ લીધા હતા. આ તકે મંદિરના મહંત પૂજ્ય તનસુખગીરી બાપુએ બંને અધિકારીઓને માતાજીની ચુંદડી અર્પણ કરી રૂડા આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ બંને સજોડે ગુરૂ ગોરખનાથ અને કમંડળ કુંડ સુધી પ્રવાસ કર્યો હતો અને વળતા પરત ફરતા માતાજીનો પ્રસાદ પણ તેઓએ લીધો હતો. ગીરનાર ઉડન ખટોલા મારફત પ્રથમ વખત સજોડે પધારેલા જિલ્લા કલેકટરે વરસાદી વાતાવરણનો અને ખુશનુમાં વાતાવરણમાં પ્રકૃતિને મન ભરી માણી હતી. **(તસ્વીર : વિજય ત્રિવેદી)**

# સત્યમ સેવા યુવક મંડળ - જૂનાગઢ દ્વારા ૩૮માં સર્વ જ્ઞાતિ સમૂહ લગ્ન યોજાશે

જૂનાગઢ, તા.૨૦

જૂનાગઢની સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા આ વર્ષે ૩૮માં સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન આગામી ફેબ્રુઆરી ૨૦૨૪માં યોજાશે જેમાં ૨૫ યુગલો પ્રભુતાના પગલા માંડશે. તેમાં જોડાવા માટે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજાની યાદી જણાવે છે. સત્યમ સેવા યુવક મંડળ છેલ્લા ચાર દાયકાથી માનવ સેવાનો યજ્ઞ ચલાવી રહ્યુ છે જેમાં સિવિલ હોસ્પિટલ જૂનાગઢ ખાતે સંસ્થાની ઓફિસ ઉપરથી દરરોજ દર્દીઓ અને તેમના સગા-વ્હાલા માટે સવારના ચા - નાસ્તો, ઠંડુ પાણી તેમજ દરરોજ પ્રસુતા બહેનોને ચોખા ઘીમાં બનાવેલ શીરો બનાવી તેનું વિતરણ કરવામાં આવે છે. સાથે દરરોજ ગાયના દૂધનું પણ વિતરણ કરવામાં આવે છે. સમયાંતરે હોસ્પિટલમાં ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. દર મહીને ગરીબોને અનાજનું વિતરણ અને તહેવારોમાં મીઠાઈનું પણ વિતરણ કરવામાં આવે છે. મૈયતનો સામાન ફ્રીમાં આપવામાં આવે છે. આ ઉપરાંત અંધ દિકરીઓ માટેની પણ સંસ્થા ચલાવવામાં આવે છે. સર્વજ્ઞાતિ વિદ્યાર્થી સન્માન સમારોહનું પણ આયોજન કરવામાં આવે છે. ઉપરાંત ઘરવિહોણા બહેનો માટે આશ્રયસ્થાન પણ ચલાવવામાં આવે છે. આ ઉપરાંત એટીએમ મેરેજ (એની ટાઈમ મેરેજ)નું પણ નાત-જાતના ભેદભાવ વગર આયોજન કરી આપવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ૧૮૦૦થી વધુ દિકરીઓના આ સંસ્થા દ્વારા લગ્ન કરાવી આપ્યાં છે.

આ સમૂહ લગ્નમાં જોડાવા માટે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા મો. ૯૯૨૫૧ ૪૨૦૮૮ તથા ઉપપ્રમુખ અરવિંદભાઈ મારડીયા મો. ૯૯૨૫૫ ૧૧૯૪૩, ટ્રસ્ટી કમલેશભાઈ પંડ્યા મો.૯૪૨૬૯ ૧૧૯૧૧, અલ્પેશ પરમાર મો. ૯૪૨૭૨ ૪૨૭૭૧ ફોન ઉપર સંપર્ક કરવાની યાદી પાઠવવામાં આવે છે.

# ભેંસાણમાં ગણેશ ચતુર્થી મહોત્સવની ભાવભેર ઉજવણી



(રેનિશ મહેતા દ્વારા) ભેંસાણ, તા.૨૦

ભેંસાણમાં ગણેશચતુર્થી નિમિત્તે ગણપતિ મહોત્સવનોપ્રારંભ થયો છે. અહીંના વેપારી અગ્રણી પરેશભાઈ આસોડીયા અને અનિલભાઈ આસોડીયા દ્વારા શ્રી રઘુરામ કૃપાના પરિસર ખાતે ગણેશજીની ભાવભેર પધરામણી કરવામાં આવી હતી. દરરોજ સવાર- સાંજે આરતી, પૂજન-અર્ચન સહિતના ત્રિવિધ કાર્યક્રમો યોજાશે અને શનિવારે બાપાને વિદાય આપવામાં આવશે.

# પ્રાચી તીર્થ ખાતે સદગુરૂ સુપર મેગા નેત્ર નિદાન કેમ્પ તથા હાર્ડવૈદ નિદાન કેમ્પ યોજાયો

## આજુબાજુ વિસ્તારમાંથી બોહોળી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો



(જાદવભાઈ ચુડાસમા દ્વારા)

પ્રાંચી, તા.૨૦

યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે સદગુરૂ સુપર મેગા નેત્ર નિદાન કેમ્પ શ્રી કોળી સમાજ ભવન પ્રાંચી ખાતે યોજાયો હતો. આ કેમ્પમાં આજુબાજુ વિસ્તારમાંથી બહોળી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પના દાતા મેરૂભાઈ ભરગા સોળાજ તથા શ્રી પાધેશ્વરી આશ્રમ મટાણાના ઉપવાસી સંત કરસનદાસબાપુ તથા ડો.અલ્કેશભાઈ તથા ગૌરવભાઈ મહેતા તથા અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના પરિવારજનોના દ્વારા દિપ પ્રાગટય કરી તથા ગાયત્રી પરિવારના કાર્યકર્તા પત્રકાર જાદવભાઈ ચુડાસમાએ કેમ્પને ઉદ્બોધન કરીને આ કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ તકે વિશ્વના કલ્યાણ તથા સૌનો સદબુદ્ધિ તથા ઉજજવળ ભવિષ્ય તથા ગાયત્રી મહામંત્ર તથા પાંચ મહામૃત્યુંજય મંત્રનો સામુહિક જાપ કરવામાં આવેલ તથા ગાયત્રી પરિવારના સંસ્થાપક વેદમુર્તિ તપોનિષ્ઠ પંડિત શ્રી રામ શર્મા આચાર્યજીના જીવન સંદેશ આવેલ લોકોને હૃદય ગંમ કરવા આહવાન કરેલ હતું. આ કેમ્પમાં ડો.અલ્કેશે કુલ ૧૫૦ દર્દીઓને તપાસી જેમાંથી ૫૩ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ ખાતે લઈ ગયેલ હતા તથા હાર્ડવૈદ રવિરાજ બેરડીયા તાલાળા પગ સાંધાના દુઃખાવાના ૪૦ દર્દીને હાથ પગ કમરના સાંધાના દર્દીઓને તપાસી સારવાર આપી હતી અને વિનામૂલ્યે દવા આપી હતી તથા આ તકે દાતા તરફથી સૌના માટે ચા - પાણી તથા સાદા સુંદર ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા ગોઠવવામાં હતી. આ કેમ્પને સફળ બનાવવા માટે કાનાભાઈ સોલંકી (બોસન) તથા નાથાભાઈ સોલંકી (થરેલી) તથા નારણભાઈ વાળા (પાધરૂકા) તથા નરસિંહભાઈ વાઢેર છગિયા તથા રોહિતભાઈ દરબાર અમરાપુર તથા વજુભાઈ ગોહિલ છગીયા તથા રાહુલભાઈ રાઠોડ તથા પપ્પુભાઈ વાળા બોસન તથા બીપીનભાઈ જાની ચ્યવન ઋષિ આશ્રમ સુત્રાપાડા તથા સોનીબેન ગોરખમઢી દિવાળીબેન પ્રાચી મિતલબેન જાની પ્રાચી તથા પત્રકાર જાદવભાઈ ચુડાસમા પ્રાંચી તથા સેવાભાવી ભાઈ બહેનો દ્વારા ખુબ જ જહેમત ઉઠાવીને આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

# યાત્રાધામ દ્વારકામાં ગણેશ ચતુર્થીની થયેલ ઉજવણી



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા, તા.૨૦

યાત્રાધામ દ્વારકામાં વિવિધ ચોકમાં પંડાલોમાં તેમજ ઘેર ઘેર ગણેશચતુર્થીના પવિત્ર દિવસે ગણેશજીના નત નવીન અલૌકિક મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી.ગણેશજીનેદરરોજ અલૌકિક શણગાર કરી ધાર્મિક વિધિથી પાઠ પૂજા મહાઆરતી તેમજ ૫૬ ભોગ, રાજભોગ અન્નકોટ મનોરથ જેવા વિવિધ જાતના ભોગ ધરાવી ગણેશજીને લાડ લડાવવામાં આવશે.ગણેશજીને ત્રણ પાંચ સાત અગિયાર દિવસ સુધી લાડ લડાવી દ્વારકાની પવિત્ર નદી ગોમતીમાં વિસર્જન કરવામાં આવશે.

# ગણેશચતુર્થી નિમિતે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને દિવ્ય શણગાર તેમજ મારૂતિયજ્ઞ તથા ગણપતિદાદાનું પૂજન-અર્ચન-આરતી યોજાયા



સાળંગપુર, તા.૨૦

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ એવં શતામૃત મહોત્સવ સાળંગપુરધામ ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા તથા સવારે ૭:૦૦ કલાકે શણગાર આરતી કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવેલ હતી. ગણેશચતુર્થી અંતર્ગત સવારે ૯:૩૦ કલાકે પવિત્ર બ્રાહ્મણો દ્વારા મંત્રો-પૂજા પાઠ-કરી ગણપતિ દાદાનું પૂજન-અર્ચન કરી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી દ્વારા ગણપતિજીની આરતી કરવામાં આવેલ હતી. મંદિરના પટાંગણમાં મારૂતિ યજ્ઞનું આયોજન કરેલ હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો તેમજ મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.



તું બહુ મીઠું મીઠું બોલે છે, ડાયાબીટીસ થઈ જશે !



શરીર વધવાની ચિંતા કરીશ તો બ્લડ પ્રેસરની દવા કરાવવી પડશે !

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

## વન નેશન - વન ઈલેકશનનો રસ્તો આસાન નથી

લોકસભા અને રાજ્યની વિધાનસભાઓની ચૂંટણીઓ એક સાથે કરાવવાનો મુદ્દો ઘણા સમયથી ચર્ચામાં છે. ઉલ્લેખનીય છે કે સ્વસ્થ અને નિષ્પક્ષ ચૂંટણીઓ લોકતંત્રની આધારશિલા હોય છે અને ભારતમાં નિષ્પક્ષ ચૂંટણીઓ હંમેશાં પડકારજનક રહી છે. તેથી આ મહિનાના આરંભમાં કેન્દ્ર સરકારે વન નેશન-વન ઈલેક્શનને લઈને એક ડગલું આગળ વધી, જ્યારે કાયદા મંત્રાલયે પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં એક કમિટી રચી.

હાલમાં એ પડકારજનક તો છે, જેમાં બંધારણીય માપદંડોને પરખવા, સમજવા અને ન્યાયોચિત સિદ્ઘ કરવા અનિવાર્ય છે. ‘એક દેશ-એક ચૂંટણી’ની વકીલાત ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦૨૦થી કરી રહ્યા છે. જોકે થોડા પાછળ જોઈએ તો ૧૯૮૩માં ભારતીય ચૂંટણી પંચે એક ચૂંટણી કરાવવાનો પ્રસ્તાવ આપ્યો હતો, જેનો ઉલ્લેખ કાયદા પંચના ૧૯૯૯ના રિપોર્ટમાં પણ છે. તેની પાછળ સૌથી મોટો તર્ક ચૂંટણી ખર્ચ બચાવવાને માનવામાં આવે છે. વસ્તુતઃ ૧૯૫૧-૫૨ની ચૂંટણીમાં જ્યાં ૧૧ કરોડ રૂપિયા ખર્ચ થયા હતા, ત્યાં જ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં આ આંકડો ૬૦ હજાર કરોડને પાર કરી ગયો હતો. તે ઉપરાંત ૨૮ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશો અર્થાત દિલ્હી અને પુડુચેરીની વિધાનસભા ચૂંટણી પણ અલગ-અલગ ખર્ચથી ભરેલી છે. દેખીતું છે કે માળખાગત અને ટેકનિકલ રીતે ચૂંટણી પંચને સશક્ત કરવાની સાથે લોકસભા અને વિધાનસભા ચૂંટણી એક સાથે કરાવવા મશીનરી, સમય અને ખજાનો ત્રણેય માટે સારું રહેશે.

વસ્તુતઃ ‘વન નેશન-વન ઈલેક્શન’ નવી વાત નથી. સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ ૧૯૫૧-૫૨, ૧૯૫૭, ૧૯૬૨ અને ૧૯૬૭માં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે થતી હતી. પછી અનેક કારણોસર આ ક્રમ ખોરવાઈ ગયો. છતાં વર્તમાન સંદર્ભમાં જોવામાં આવે તો હાલમાં ‘વન નેશન-વન ઈલેક્શન’ નો રસ્તો આસાન નથી દેખાતો. ૧૯૯૯ના કાયદા પંચના ૧૭૦મા રિપોર્ટથી એ સ્પષ્ટ થાય છે કે દર વર્ષે અને સત્ર બાદ ચૂંટણીના ચક્રને સમાપ્ત કરવું જોઈએ, જ્યાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એક સાથે થાય છે. ૨૦૧૫ની સંસદીય સ્થાયી સમિતિના રિપોર્ટમાં પણ એક ચૂંટણી કરવાની વ્યાવહારિક્તા પર પોતાનું મંતવ્ય આપ્યું જેમાં સમિતિએ ભારે ખર્ચ, આચાર સંહિતા લાગુ કરવી, જરૂરી સેવાઓની આપૂર્તિ પર પ્રભાવ અને ચૂંટણી દરમ્યાન માનવ શક્તિ પર વધારાનો બોજ પડવો વગેરેની ઓળખ કરી હતી. જોકે ૨૦૧૮ના કાયદા પંચના રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે બંધારણના હાલના માળખા અંતર્ગત એક સાથે ચૂંટણી ન કરાવી શકાય.

હાલમાં લોકસભા ચૂંટણીના આરે આવી ઊભેલા દેશમાં એક સાથે ચૂંટણીની વાત જોર પકડી ચૂકી છે. જોકે એક સાથે ચૂંટણીના અનેક લાભ છે, પરંતુ શું તેનું કોઈ નુક્સાન પણ થઈ શકે છે? એવું માનવામાં આવે છે કે લોકસભા ચૂંટણીના અલગ એજન્ડા હોય છે, જ્યારે વિધાનસભા ચૂંટણીના અલગ. નવી વ્યવસ્થામાં પ્રાદેશિક પક્ષોને નુક્સાન થઈ શકે છે, કારણ કે એક સાથે ચૂંટણીમાં બે અલગ-અલગ મુદ્દા ઉઠાવી શકવા તેમના માટે મુશ્કેલ બનશે. પ્રાદેશિક પક્ષોના અભાવમાં રાષ્ટ્રીય રાજકીય પક્ષ સરકાર તરીકે ઓછા દબાણવાળા હોઈ શકે છે. જેમાં નિયંત્રણ પ્રભાવિત થઈ શકે છે. એટલું જ નહીં, લોકતંત્રને જનતાનું શાસન કહેવામાં આવે છે. દેશમાં સંસદીય પ્રણાલીમાં એક સાથે ચૂંટણી ન થવી કોઈ મોટી વાત નથી. સરકારો ભ્રષ્ટાચાર પર લગામ લગાવનારી અને પારદર્શી વ્યવસ્થા અનુરૂપ ચાલનારી હોય તો ચૂંટણી ખર્ચ છતાં વિકાસની પ્રક્રિયાને તેજ કરી શકાય છે. તપાસ દર્શાવે છે કે દુનિયાના કેટલાય દેશો, દક્ષિણ આફ્રિકા, સ્વીડન, બેલ્જિયમ વગેરેમાં એક સાથે ચૂંટણી થાય છે. જોકે તુલનાત્મક રૂપે ભૌગોલિક આકારમાં નાના અને ઓછી જનસંખ્યાવાળા દેશોમાં એવું થવું આસાન છે, ભારત જેવા વિશાળ ભૌગોલિક ક્ષેત્ર અને આબાદી ધરાવતા દેશની તુલનામાં.

ભારત વિશ્વમાં સર્વાધિક જનસંખ્યા ધરાવતો દેશ છે. અહીં એક સાથે ચૂંટણી કરાવવી બંધારણીય પડકારની સાથે સંસાધનોનો પડકાર પણ છે. અલગ-અલગ સમયમાં ચૂંટણી થવાથી ઓછા સંસાધનમાં ચૂંટણી કરાવવી આસાન થઈ જાય છે. જોકે તેનો મતલબ એ નથી કે એક ચૂંટણી યોગ્ય નથી, પરંતુ એક ચૂંટણી તો કોઈપણ સ્થિતિમાં યોગ્ય છે, પરંતુ સવાલ એ છે કે એક સાથે ચૂંટણી કરાવ્યા બાદ જો લોકસભા કે કોઈ વિધાનસભા અવધિ પહેલાં ભંગ થઈ જાય છે તો સમસ્યા પહેલાંની જેમ જ ઊભી થઈ જશે. એવામાં એ પણ જોગવાઈ કરવી પડશે કે સરકારો ગમે તેટલી બદલાય, ભલે લોકસભા કે વિધાનસભા ભંગ થઈ જાય, કોઈપણ દિશામાં ચૂંટણી પાંચ વર્ષ પહેલાં નહીં જ થાય. સારી વાત એ છે કે કાયદાવિદ તથા સરકાર તેની બારીકીઓને ધ્યાનમાં રાખીને આ કસોટીથી પાર પામી શકશે તેની સંભાવના દેખાય છે. એટલું જ નહીં, સરકાર સહિત આ ઉદ્દેશ્યથી રચાયેલી સમિતિએ એ પણ સુનિશ્ચિત કરવું પડશે કે ભવિષ્યમાં આ પ્રકારની આશંકાઓ અને સંભાવનાઓનું અનુમાન લગાવતાં એ સમસ્યાઓનું સમાધાન પણ રજૂ કરવું પડશે, જેથી નજીકના ભવિષ્યમાં કોઈ પ્રકારની સંબંધિત સમસ્યા સામે ન આવે.

# ગણેશ ચતુર્થી પર લોન્ચ થયું Jio Air Fiber, ૮ શહેરોમાં અમદાવાદનો સમાવેશ

### એર ફાઈબર માટે ૧૦૦૦ રૂપિયા ઈન્સ્ટોલેશન ચાર્જ ચૂકવવો પડશે, તમે તેને ૧૦૦ રૂપિયામાં બુક કરાવી શકો છો



અમદાવાદ, તા.૨૦

રિલાયન્સ જિયોએ આજે ૧૯મી સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થીના દિવસે તેની એર ફાઈબર સેવા શરૂ કરી છે. હાલમાં આ સેવા અમદાવાદ, બેંગલુરુ, ચેન્નાઈ, દિલ્હી, હૈદરાબાદ, કોલકાતા, મુંબઈ અને પુણે - ૮ શહેરોમાં ઉપલબ્ધ રહેશે. એર ફાઈબર માટે ૧૦૦૦ રૂપિયા ઈન્સ્ટોલેશન ચાર્જ ચૂકવવો પડશે. તમે તેને ૧૦૦ રૂપિયામાં બુક કરાવી શકો છો. આ રકમ બિલમાં એડજસ્ટ કરવામાં આવશે. એર ફાઈબર બુક કરવા માટે તમારે Jio ની ઓફિશિયલ વેબસાઈટ પર જવું પડશે. કનેક્શનની સાથે, તમને નવીનતમ Wi-Fi રાઉટર, ટીવી માટે 4K સેટ ટોપ બોક્સ અનેવૉઈસ એક્ટિવેટેડ રિમોટ મળશે. તમામ પ્લાન ૬ અને ૧૨ મહિનાના વિકલ્પોમાં ઉપલબ્ધ છે. જો તમે ૧૨ મહિનાનો પ્લાન લો છો તો તમારે ૧૦૦૦ રૂપિયાનો ઈન્સ્ટોલેશન ચાર્જ ચૂકવવો પડશે નહીં. એર ફાઈબરની વિશેષતા તેની પોર્ટેબિલિટી છે. વપરાશકર્તાઓ તેને કોઈપણ સ્થાન પર લઈ જઈ શકે છે અને તેનો ઉપયોગ કરી શકે છે. જોકે 5G કનેક્ટિવિટી હોવી જોઈએ. રિલાયન્સ જિયોના જણાવ્યા અનુસાર, તેમનું એર ફાઈબર સફરમાં હોય ત્યારે બ્રોડબેન્ડ જેવી સ્પીડ પ્રદાન કરવામાં સક્ષમ છે.

હાલમાં, Jio, Airtel અને અન્ય કંપનીઓની ઓપ્ટિક વાયર ટેક્નોલોજી પર આધારિત ફાઈબર શહેરો પૂરતું મર્યાદિત છે, પરંતુ એર ફાઈબર કોઈપણ વાયર વિના ઈન્ટરનેટ પ્રદાન કરે છે. આવી સ્થિતિમાં એર ફાઈબર દ્વારા દૂરના વિસ્તારોમાં હાઈ-સ્પીડ ઈન્ટરનેટ સરળતાથી ઉપલબ્ધ થશે.

Jio ફાઈબર ઓપ્ટિક વાયર ટેક્નોલોજી પર આધારિત છે. આના દ્વારા ઈન્ટરનેટ પ્રદાન કરવા માટે, કંપની ઘર/ઓફિસમાં રાઉટર ઈન્સ્ટોલ કરે છે. ઓપ્ટિક વાયરને તે રાઉટર સાથે જોડે છે. આ પછી, ફાઈબર સ્થિર હાઈ-સ્પીડ ઈન્ટરનેટ પ્રદાન કરે છે.

કંપની એર ફાઈબર દ્વારા વાયરલેસ બ્રોડબેન્ડ સેવા પૂરી પાડી રહી છે. તે વાયરલેસ ડોંગલની જેમ કામ કરે છે, પરંતુ ઈન્ટરનેટની ઝડપ ઘણી વધારે છે. આ માટે કોઈપણ પ્રકારના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર નથી. તે સરળતાથી સ્થાપિત થાય છે.

એરટેલ પહેલા જ દિલ્હી અને મુંબઈમાં એક્સ્ટ્રીમ એર ફાઈબર લોન્ચ કરી ચૂકી છે. કંપનીનો દાવો છે કે એરટેલ એક્સ્ટ્રીમ એર ફાઈબર વાઈ-ફાઈ ૫ રાઉટર કરતાં ૫૦% વધુ ઝડપી ઈન્ટરનેટ સ્પીડ પ્રદાન કરે છે. દેશના અન્ય ભાગોમાં એરટેલ એક્સ્ટ્રીમ એર ફાઈબર ક્યારે ઉપલબ્ધ થશે તે અંગે કંપનીએ હજુ સુધી માહિતી આપી નથી.

ખરીદદારો ૭,૭૩૩ રૂપિયા ચૂકવીને એરટેલ એક્સ્ટ્રીમ એર ફાઈબર ખરીદી શકે છે, જેમાં અલગથી ૧૮% GST શામેલ છે. આમાં, કંપની ૬ મહિનાના ડેટા પ્લાન માટે ૨,૫૦૦ અને ૪,૪૩૫ની સિક્યોરિટી ડિપોઝિટ લઈ રહી છે.

# મેટોડાની ફેક્ટરીમાંથી છોડાતા પ્રદૂષિત પાણીથી ખેતીના પાકને પારાવાર નુકસાન

### કેમિકલ માફિયાઓ સાથે GPCBની મીલીભગત હોવાથી કોઈ તેમની સામે કોઈ કાર્યવાહી કરાતી નથી:ખેડૂતો

રાજકોટ, તા.૨૦

એક તરફ ભર ચોમાસે ૫૦-૫૦ દિવસ વરસાદ ન થતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હતા, નદી નાળાઓ સુકાઈ ગયા હતા અને ખેડૂતોનો મહામૂલો પાક નિષ્ફળ જવાની અણીએ આવીને ઊભો હતો અને કેટલાક ખેડૂતોનો તો પાક નિષ્ફળ પણ ગયો છે. બીજી તરફ ફરી એકવાર વરસાદ તો આવ્યો, પરંતુ લોધિકા તાલુકાના મેટોડા GIDC નજીક આવેલા રાતૈયા ગામમાં સ્થાનિક નદીમાં ફેક્ટરીઓ દ્વારા છોડવામાં આવેલું કેમિકલયુક્ત પાણી પણ વરસાદી પાણી સાથે ભળી જઈને ખેતરોમાં આવ્યુ. વરસાદ આવતા મોટા પ્રમાણમાં ફીણ યુક્ત પાણી વહેવા લાગ્યા ત્યારે આ ફેક્ટરીઓની કરતૂતનો પર્દાફાશ થયો.આ કેમિકલયુક્ત પાણી ખેતી માટે ખૂબ જ ખતરનાક છે. જેનાથી પાક બળી જવા અને નિષ્ફળ જવાની ભીતિ રહે છે. રાજ્યમાં અનેક GIDC આવેલી છે,સરકાર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે ઘણા પ્રયત્નો કરે છે અને તેના કારણે છેલ્લા વર્ષોમાં ઔધોગિક ક્ષેત્રે રાજ્યમાં ખૂબ વિકાસ પણ થયો છે,રાજયમાં અનેક નવી જીઆઈડીસી સ્થપાઈ અને ઉદ્યોગોની સંખ્યા ખૂબ વધી.પરંતુ આ ઉદ્યોગો દ્વારા છોડવામાં આવતા પ્રદૂષિત કેમિકલનો યોગ્ય નિકાલ કરાવવામાં રાજય સરકાર અને GPCB ઉણુ ઉતરી રહ્યું છે. અમદાવાદમાં સાબરમતીમાં છોડવામાં આવતું પ્રદૂષિત કેમિકલ હોય કે પછી રાજકોટમાં જેતપુરમાં સાડીના કારખાનેદારો દ્વારા ભાદર નદીમાં છોડવામાં આવતું ઝેરી કેમિકલ હોય, વર્ષોથી આ સમસ્યા સામે આવી છે પરંતુ તેનો કાયમી ઉકેલ નથી મળ્યો.

રાજકોટ નજીક આવેલી મેટોડા જીઆઈડીસીની ફેક્ટરીઓ દ્વારા છોડવામાં આવતું ઝેરી કેમિકલયુક્ત પાણી ગામડાઓમાંથી પસાર થતી સ્થાનિક નદીઓમાં પહોંચે છે અને ખેડૂતોના પાકને મોટા પાયે નુકસાન થાય છે. રાતૈયા ગામમાં છેલ્લા ૮થી ૧૦ વર્ષથી આ સમસ્યા છે. ફેક્ટરીઓ દ્વારા છોડાતા ઝેરી કેમિકલયુક્ત પાણીથી આ ઝેરી પાણી જમીનમાં ઉતરતા જમીનના તળ ખરાબ થઈ રહ્યા છે.ત્યારે આ પાણી ખેતીના પાકો માટે પણ ખૂબ જ જોખમી છે. આ કેમિકલયુક્ત પાણીથી પાક બળી જાય છે, બીજી તરફ પશુઓ આ પાણી પીવે તો તેઓ પણ ગંભીર બીમારીઓના શિકાર બને છે.

એટલું જ નહિ આ કેમિકલ યુક્ત પાણી જમીનમાં ઉતરતું હોવાથી બોરમાં પણ આ કેમિકલ યુક્ત પાણી આવે છે.ખેડૂતોના કૂવામાં અને બોરમાં પણ આ કેમિકલયુક્ત પાણી આવતું હોવાથી ખેતીના પાકને પણ નુકસાન થાય છે.આ ઉપરાંત બોરમાં આવતું આ પાણી પીવાથી છેલ્લા ૮થી ૧૦ વર્ષોમાં આ ગામના કેન્સર જેવી ગંભીર બીમારીઓના કેસ પણ વધ્યા છે.આ ઉપરાંત ચામડીના રોગો પણ ગામમાં અનેક લોકોને થયા છે.આમ તો GPCB નું કામ પ્રદૂષણ રોકવાનું હોય છે અને આવા કેમિકલ માફીયાઓ સામે કાર્યવાહી કરી આવું કેમિકલ છોડતા બંધ કરાવવાનું હોય છે પરંતુ જીપીસીબીનું જાણે કોઈ અસ્તિત્વ જ ન હોય તેવા દ્રશ્યો રાતૈયા ગામની સ્થાનિક નદીઓમાં સામે આવ્યા. ગામલોકોએ જીપીસીબીમાં પણ રજૂઆત કરેલું છે પરંતુ કોઈ કાર્યવાહી કરાઈ નહિ અને આ સમસ્યા જેમની તેમ છે. ગામલોકોનો આક્ષેપ છે કે આ ફેક્ટરી માલિકો સાથે GPCBની સાંઠગાંઠ છે. જેથી આ માફીયાઓ સામે કોઈ કાર્યવાહી નથી કરાતી. ગામલોકોએ જણાવ્યું કે નેતાઓ ચૂંટણી સમયે આવે છે અને ચૂંટણી પૂરી થાય ત્યારબાદ ગાયબ થઈ જાય છે. હાલ આ વિસ્તારના ધારાસભ્ય કેબિનેટ પ્રધાન ભાનુબેન બાબરીયા છે. ત્યારે ગામના લોકો તેમની પાસે આશા રાખી રહ્યા છે કે આ ઉદ્યોગો સામે કાર્યવાહી થાય,ગામની નદીઓમાં આ કેમિકલ યુક્ત પાણી આવતું બંધ થાય અને તેઓ સારી રીતે ખેતીના પાક લઈ શકે.હવે જોવાનું રહેશે કે જગતના તાતની આ સમસ્યાનો અંત આવે છે કે પછી કેમિકલ માફીયાઓ આ જ રીતે બેફામ રહે છે.

# ગુજરાતમાં ૧૫૮ તાલુકામાં વરસાદ: સૌથી વધુ કચ્છમાં સાડા ચાર ઈંચ ખાબક્યો

### માળિયા હાટીનામાં ૩.૫ ઈંચ, હળવદ તેમજ જામનગરમાં ૩ ઈંચ, મોરબીમાં ૨.૫ ઈંચ, ટંકારામાં ૨ ઈંચ, પોરબંદર, ચોર્યાસી, નવસારી તેમજ વાંકાનેરમાં ૧.૫ ઈંચ વરસાદ નોધાયો હતો

અમદાવાદ, તા.૨૦

આજે રાજયનાં ૧૫૮ તાલુકામાં મેઘ મહેર થવા પામી છે. જેમાં સવારે ૬ થી ૨ વાગ્યા સુધી કુલ ૧૫૮ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. જેમાં સૌથી વધુ વરસાદ રાપર તાલુકામા ૪.૫ ઈંચ નોંધાયો હતો. જ્યારે માળિયા હાટીનામાં ૩.૫ ઈંચ, હળવદ તેમજ જામનગરમાં ૩ ઈંચ, મોરબીમાં ૨.૫ ઈંચ, ટંકારામાં ૨ ઈંચ, પોરબંદર, ચોર્યાસી, નવસારી તેમજ વાંકાનેરમાં ૧.૫ ઈંચ વરસાદ નોધાયો હતો. આવતીકાલે પણ રાજયમાં ભારે વરસાદની આગાહીનાં પગલે કચ્છ તેમજ મોરબીમાં રેડ એલર્ટ અપાયું છે. જ્યારે સુરેન્દ્રનગર, જૂનાગઢમાં યલો એલર્ટ અપાયું છે. તો દ્વારકા, પોરબંદરમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રનાં અમરેલી, ગીર સોમનાથ, ભાવનગરમાં વરસાદની આગાહી છે. તો બોટાદ, અમદાવાદ તેમજ ખેડામાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે ઉત્તર ગુજરાતનાં ગાંધીનગર, મહેસાણા, અરવલ્લી, સાબરકાંઠામાં પણ વરસાદ પડી શકે છે. તો મધ્ય ગુજરાતનાં પંચમહાલ, દાહોદ, મહીસાગર, પંચમહાલ, આણંદ, વડોદરા, છોટાઉદેપુરમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ સહિતનાં વિસ્તારોમાં આવતીકાલે વરસાદની આગાહી કરવામાં આવી છે. કચ્છનાં રાપરમાં અનરાધાર વરસાદને લઈ લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.રાપર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતા રાહદારીઓ તેમજ શહેરીજનો મુશ્કેલીમાં મુકાઈ જવા પામ્યા હતા. ત્યારે વાગડ વિસ્તારમાં ૪ કલાકમાં ૪ ઈંચ વરસાદ ખાબકતા ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. રાપરનાં મુખ્ય બજારમાં વરસાદી પાણી ભરાઈ જતા વેપારીઓને પારાવાર હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. મોરબી જિલ્લામાં અને ઉપરવાસમાં સતત વરસાદને પગલે ફરી મોરબીના સાદુંળકા ગામ પાસે આવેલ મચ્છુ-૩ ડેમ ૧૦૦ ટકા ભરાય ગયો છે. આથી આ ડેમનો એક દરવાજો એક ફૂટ ખોલવામાં આવ્યો છે. આ ડેમમાં ૨૦૫૦ ક્યુસેકની આવક સામે ૯૫૦ ક્યુસેક પાણી છોડવમાં આવ્યું છે. આથી ડેમ હેઠળના મોરબી અને માળીયા વિસ્તારોના ૨૩ ગામોને એલર્ટ કરી મચ્છુ નદીના પટ્ટમાં અવરજવર નહિ કરવાની સૂચના આપવામાં આવી છે. સૌરાષ્ટ્રનાં જામનગર જીલ્લામાં પણ પહેલી સવારથી વરસાદી માહોલ છવાયો હતો. શહેરમાં સવારતી અત્યાર સુધી ૩ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. જેમાં ધ્રોલ તાલુકામાં ૧ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. જ્યારે કાલાવડ અનો જોડિયામાં અડધો ઈંચ વરસાદ પડ્યો હતો. જયારે જામજોધપુર અને લાલપુરમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. બનાસકાંઠા જીલ્લામાં છેલ્લા ૩ દિવસથી વરસાદ પડી રહ્યો છે. જેમાં ભાભરમાં સૌથી વધુ ૭ઈંચ વરસાદ ખાબક્યો હતો. ભાભરમાં ધોધમાર વરસાદીથી ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ જવા પામ્યા હતા.

તો બીજી તરફ પાલનપુર, અંબાજી, ડીસા અને થરાદ, દાંતીવાડા, ધાનેરા, દિયોદર, સુઈગામ અને વાવમાં પણ વરસાદ પડ્યો હતો. ખેતરોમાં પાણી ભરાઈ જતા ખેડૂતોને નુકશાન જવાની ભીંતી સેવાઈ રહી છે.

## આપની આવતીકાલ કેવી જશો...?

**:: રત્નકણીકા ::**

દેવું, શત્રુ અને વ્યાધીનોજલ્દી નાશ કરવો જોઈએ.

- ચાણક્ય

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા સુદ-૪ શ્રી ગણેશ ચતુર્થી, અંગારક ચતુર્થી, વરદ ચતુર્થી, જૈન સંવત્સરી-ચતુર્થી પક્ષ તા.૧૯ સપ્ટેમ્બર ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૫, મુસ્લિમ તા.૩, સ્વાતિ નક્ષત્ર, વૈધૃતિ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૩૯, સૂ.અ.૬:૫૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મનમાં વ્યર્થ ક્રોધ રહે. સ્નેહિ-પડોશીથી સંઘર્ષ ટાળવો.
વૃષભ: વાહન-મકાનની ખરીદી થાય. લાભની તક સાંપડે.
મિથુન: ભાગીદારીથી લાભ થાય. પ્રિય પાત્રનો સહકાર મળે.
કર્ક: નાણાંભીડ તીવ્ર બને. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
સિંહ: મિલન-મુલાકાતમાં સફળતા મળે. વ્યવસાયિક કાર્યો સફળ થાય.
કન્યા: માનસિક ચિંતા રહે. નાણાંભીડ અનુભવાય.
તુલા: ચિંતાનો ઉકેલ મળે. આરોગ્ય સંભાળવું.
વૃશ્ચિક: કાર્યબોજ હળવો બને. નવિન શુભ સમાચાર મળે.
ધન: જમીન-મકાનને લગતા કાર્યોમાં સફળતા મળે. ધન ખર્ચ થાય.
મકર: સ્નેહિથી મિલન, સંતાનોથી લાભ, મન પ્રફુલિત રહે.
કુંભ: પુરૂષાર્થ પછી વિશેષ ફળ મળે. પ્રવાસમાં લાભ થાય.
મીન: ભાઈ-ભાંડુથી લાભ થાય. નવિન આયોજન કરી શકશો.

# મહિસાગરના પૂરમાં શાકભાજીના ખેતરોમાં વ્યાપક નુક્શાન

આણંદ, તા.૨૦

આણંદ જિલ્લામાં મહિસાગર નદીના પાણી ખેતર વિસ્તારમાં ફરી વળવાને લઈ પાકમાં મોટા પ્રમાણમાં નુક્શાનની ભીતી વર્તાઈ છે. મહિસાગર નદીના પૂરના પાણી સ્થાનિક ખેતરોમાં ફરી વળ્યા હતા. બીજી તરફ વરસાદ પણ વધારે હોવાને લઈ શાકભાજીના પાકમાં મોટુ નુક્શાન થવાની ભીતી છે.

જગતનો તાત ફરી લાચાર બન્યો છે. પહેલા વરસાદ ખેંચાવાને લઈ ચિંતા ધરતીપુત્રોને ચિંતા સતાવી રહી હતી, હવે પૂરના પાણી ફરી વળવાને લઈ ખેડૂતોની ચિંતા વધી ચુકી છે. આણંદ જિલ્લામાં મહિસાગર નદીના પાણી ખેતર વિસ્તારમાં ફરી વળવાને લઈ પાકમાં મોટા પ્રમાણમાં નુકશાનની ભીતી વર્તાઈ છે. મહિસાગર નદીના પૂરના પાણી સ્થાનિક ખેતરોમાં ફરી વળ્યા હતા. બીજી તરફ વરસાદ પણ વધારે હોવાને લઈ શાકભાજીના પાકમાં મોટુ નુક્શાન થવાની ભીતી છે. એકાએક જ પાણી પૂરના આવી પહોંચતા ખેતરો બેટમાં ફેરવાઈ ગયા હતા. આંકલવ વિસ્તારના સ્થાનિક ખેડૂતો હવે પાકમાં નુક્શાનને લઈ હવે ખેતી પાકમાં વળતર મળે એવી માંગ કરી છે. ટીંડોળા અને કારેલા જેવા પાકમાં મોટા નુક્શાનનુ સંકટ તોળાયુ છે. આમ હવે ખેડૂતોએ હવે સરકાર તરફ આશા લગાવી છે.

## નસવાડીની એક ફરસાણની દુકાનમાં ભજીયામાંથી વંદો નીકળ્યો

છોટાઉદેપુર, તા.૨૦

ગરમા ગરમ ભજીયુ મોઢામાં મુક્યા બાદ અજીબોગરીબ સ્વાદ આવે અને પછી તમને ખબર પડે કે ભજીયામાં વંદો હતો તો ? કંઈક આવી જ ઘટના છોટાઉદેપુરમાં પ્રકાશમાં આવી છે. નસવાડીની એક ફરસાણની દુકાનમાં ભજીયામાં વંદો નીકળ્યો હતો. ભજીયામાં વંદો નીકળતા યુવકે હોટેલમાં હોબાળો મચાવ્યો હતો.નસવાડીની ભવાની ફરસાણ માર્ટમાં ભજીયામાંથી વંદો નીકળ્યાની ઘટના સામે આવી છે. ફરિયાદી યુવકનો આરોપ છે કે નાસ્તાના ઓર્ડર બાદ ભજીયામાં જીવડા જેવી વસ્તુ દેખાઈ હતી. ભજીયુ તોડીને જ્યારે જોયું તો તેમાં મરેલો વંદો હતો.નાસ્તામાં વંદો નીકળતા જ યુવકે હોટલમાં હોબાળો મચાવ્યો અને હોટલ માલિકને ફરિયાદ કરી. યુવકનો આરોપ છે કે હોટલ માલિકે કર્મચારીની ભૂલ ગણાવીને જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કર્યો.

## ગણેશવડ સિસોદ્રા ગામનું ૫૫૦ વર્ષ જૂનું મંદિર છે

નવસારી, તા.૨૦

સમાધિસ્ત અવસ્થામાં બેસેલા સાધકના શરીરમાં આવેલા મૂલાધારચક્રને જાગૃત કરે તો તે પ્રથમ પૂજ્ય ગણપતિબાપાને પ્રસન્ન કર્યા બરાબર ગણાય છે, તેવીજ રીતે સંસારિક જીવનમાં પણ કાર્યની શરૂઆતમાં શ્રીજીના પૂજનથી કરવામાં આવે છે. એવા ચમત્કારી ગણપતિબાપા નવસારીના ગણેશવડ સિસોદ્રાગામે આવેલા છે. કે જ્યા ઔરંગઝેબે પણ શિશ ઝૂકવવું પડ્યું હતું. નવસારીને અડીને આવેલા નેશનલ હાઈવે નં. ૮ના ગણેશવડ સિસોદ્રા ગામે ૫૫૦ વર્ષ જૂનું મંદિર આવેલું છે. આ મંદિરનો એક અનોખો ઈતિહાસ પણ ચમત્કારથી ભરેલો છે. મુસ્લિમ સલ્તનતના રાજા ઔરંગઝેબ હિન્દુસ્તાનમાં આવેલા મંદિરોને તોડતો હતો ત્યારે સિસોદ્રા ગામના મંદિર પાસે રાજાનું સૈન્ય આવ્યું પરંતુ ચમત્કારિક મંદિરમાં બિરાજમાન ગણપતિદાદાના ભમરાઓ સૈનિકને બે વાર ભગાડવામાં કામયાબ થતા ઔરંગઝેબેએ પણ શરણાગતિ સ્વીકારી મંદિરને જમીનદાન આપી દસ્તાવેજી પુરાવાઓ આપ્યા હતા. તે સમયથી લઈ આજદિન સુધી ગોસ્વામી પરિવાર દાદાની સેવા અર્ચના કરી રહ્યા છે. અન્ગારિકા ચોથના દિવસે અહી ગણપતિબાપાના ભક્તો દર્શનાર્થે ઉમટી પડે છે. સાથેજ ગણેશચતુર્થીના દિવસે પણ દક્ષિણ ગુજરાતમાંથી ભક્તો બાપાના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

# પ્રાથમિક શિક્ષકોની જૂની પેન્શનની માંગણી ઉપર ટૂંકમાં નિર્ણયની શક્યતા

## ૧ એપ્રિલ, ૨૦૦૫ પહેલા નિમણૂંક પામેલા શિક્ષકોને જૂની પેન્શનમાં સમાવવામાં આવશે

અમદાવાદ, તા.૨૦

રાજયના પ્રાથમિક શિક્ષકોની વર્ષોની માગણી એવી જૂની પેન્શન યોજનામાં સમાવેશ અંગે હવે ટૂંકમાં નિર્ણય લેવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે. પ્રાથમિક શિક્ષાકોને જૂની પેન્શન યોજનામાં સમાવવા માટેની દરખાસ્તને લઈને શિક્ષણ વિભાગદ્વારા વિદ્યાસહાયકોની વિગતો મંગાવી છે. જેમાં ૧ એપ્રિલ, ૨૦૦૫ પહેલા નિમણૂક પામેલા શિક્ષકોનો જૂની પેન્શન યોજનામાં સમાવેશ કરવાનો હોવાથી તેની વિગતો મંગાવાઈ છે. જો કે, આ વિગતોમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની વિગતો ન મંગાવવામાં આવી હોવાથી આક્રોશ જોવા મળે છે. રાજયના શિક્ષણ વિભાગ દ્વારા ૧ એપ્રિલ, ૨૦૦૫ પહેલા નિમણૂક પામેલા નવી પેન્શન યોજના ધરાવતા શિક્ષકોને જૂની પેન્શન યોજનામાં સમાવવા માટેની કાર્યવાહી હાથ ઉપર લેવામાં આવી છે. આ માટે રાજયના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શિક્ષણ નિયામકને પત્ર લખી શિક્ષકોને જૂની પેન્શન યોજનામાં સમાવવા અંગેની દરખાસ્ત અંગે માહિતી મંગાવી છે. આમ, હવે રાજયની પ્રાથમિક સ્કૂલોના શિક્ષકોને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા માટે ટૂંકમાં જાહેરાત કરાશે. શિક્ષણ વિભાગ દ્વારા લખવામાં આવેલા પત્રમાં જણાવાયું છે કે, ૧ એપ્રિલ, ૨૦૦૫ પહેલા નિમણુંક પામેલા **NPS** ભવિષ્યનિધી યોજના હેઠળ સમાવવા અંગેની દરખાસ્ત અંગે નિર્ણય કરવા માટે માહિતી આપવાની રહેશે. જેમાં હાલમાં શિક્ષણ વિભાગના ૧૧ જૂન, ૧૯૯૮ના ઠરાવ અનુસાર વર્ષ વાઈઝ અત્યાર સુધી નિમણૂક પામેલા વિદ્યા સહાયકોની સંખ્યા તેમજ તે વિદ્યાસહાયકો પૈકી કેટલા વિદ્યાસહાયકો ૨ વર્ષ, ૩ વર્ષ, ૪ વર્ષ અને ૫ વર્ષ બાદ નિયમિત નિમણૂક પામી પ્રાથમિક શિક્ષક તરીકે જોડાયેલા છે તેની વર્ષા પ્રમાણે સંખ્યા માંગવામાં આવી છે. સંકલન સમિતિ અને શૈક્ષિક મહાસંઘ દ્વારા જૂની પેન્શન યોજનાને લઈને છેલ્લા કેટલાય સમયથી રજૂઆતો કરવામાં આવી રહી હતી અને સંકલન સમિતિદ્વારા તો આ મુદ્દે આંદોલન પણ ચાલુ કર્યું હતું. જેના પગલે શિક્ષણ વિભાગ દ્વારા હવે પ્રાથમિક શિક્ષકોને જૂની પેન્શન યોજનામાં સમાવવા માટેની તૈયારીઓ કરી છે. જોકે, માત્ર પ્રાથમિક શિક્ષકો માટે જ પત્રમાં વિગતો માંગવામાં આવી હોવાથી હજુ પણ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોને જૂની પેન્શન યોજનામાં સમાવવા માટેનો મુદ્દો બાકી જ રહ્યો છે.

# ૨૦૨૩નો ઉનાળો એ ૧૮૮૦ પછી સૌથી ગરમ ઉનાળો હતો : NASAની પુષ્ટિ

(એજન્સી) તા.૨૦

આ વર્ષનો એટલે કે, ૨૦૨૩ના ઉનાળામાં એશિયા, યુરોપ, ઉત્તર અમેરિકા અને અન્ય સ્થળોએ તીવ્ર ગરમીના તરંગોનો અનુભવ થયો હતો અને ૧૮૮૦ પછી પૃથ્વી ઉપરનો આ સૌથી ગરમ સમયગાળો માનવામાં આવે છે. ૧૮૮૦થી વૈશ્વિક તાપમાનનો રેકોર્ડ જાળવવાનું શરૂ થયું હતું. આ અંગે નાસાએ પુષ્ટિ કરી છે. સ્પેસ એજન્સીના જણાવ્યા મુજબ, ૨૦૨૩ની વિક્રમજનક ગરમી ગ્લોબલ વોર્મિંગનું પરિણામ છે. તે અલ નીનો નામની આબોહવા પેટર્ન સાથે સંયોજનમાં છે. એક નિવેદનમાં, નાસાએ જણાવ્યું હતું કે સરેરાશ ઉનાળાની તુલનામાં ઓગસ્ટ ૨.૨ ડિગ્રી ફેરનહીટ (૧.૨ ડિગ્રી સેલ્સિયસ) વધુ ગરમ હતો, અને દક્ષિણ અને દક્ષિણ પશ્ચિમ યુએસમાં રહેતા રેકોર્ડ ૫૭ મિલિયન લોકોને સૌથી ગંભીર શ્રેણીની ગરમીના મોજાનો સામનો કરવો પડ્યો હતો. તાજેતરના અહેવાલ મુજબ, જૂન, જુલાઈ અને ઓગસ્ટમાં સંયુક્ત તાપમાન અગાઉના તમામ ઉનાળાની સરખામણીમાં ૦.૪૧ ડિગ્રી ફેરનહીટ (૦.૨૩ ડિગ્રી સેલ્સિયસ) વધુ ગરમ હતું. ક્લાઈમેટ ઈમરજન્સી ઉપર ગયા મહિને આયોજિત નાસાની અન્ય એક કોન્ફરન્સમાં, વૈજ્ઞાનિકો દ્વારા જુલાઈ મહિનો રેકોર્ડ ઉપર સૌથી ગરમ હોવાની પુષ્ટિ કરવામાં આવી હતી. નાસાના એડમિનિસ્ટ્રેટર બિલ નેલ્સને કોન્ફરન્સ દરમ્યાન કહ્યું કે, અમે રેકોર્ડ સંખ્યામાં પૂર જોયા છે. અમે ફોનિક્સ અને મિયામીમાં રેકોર્ડ ગરમી જોઈ છે. દેશના મોટા ભાગોના જંગલોમાં આગ લાગી હતી. અલબત્ત, આપણે વાસ્તવિક સમયમાં જે જોઈ રહ્યા છીએ તે એક આપત્તિ છે. જુલાઈની તીવ્ર ગરમીએ હવાઈ અને કેનેડા બંને સ્થાનોએ સૌથી ભયંકર જંગલની આગ લાગી હતી. ભૂમધ્ય સમુદ્રમાં ગ્રીસ અને ઈટાલીનો પણ સમાવેશ થાય છે, જ્યાં ભારે વરસાદ અને અચાનક પૂર જોવા મળ્યા છે. આ વિક્રમી ગરમીને અંશતઃ અલ નીનોને આભારી છે જે દર બેથી સાત વર્ષે વારંવાર થાય છે જ્યારે પેસિફિક મહાસાગર પરના પવનો તેમની નિયમિત પેટર્નને તોડીને યુએસના પશ્ચિમ કિનારા તરફ જાય છે. પરિણામે, યુએસ અને કેનેડામાં સામાન્ય કરતાં વધુ ગરમ વાતાવરણ જોવા મળ્યું હતું. કેલિફોર્નિયામાં નાસાની જેટ પ્રોપલ્શન લેબોરેટરીના સમુદ્રશાસ્ત્રી અને આબોહવા વિજ્ઞાની જોશ વિલિસે જણાવ્યું હતું કે, અલ નીનોના પુનરાગમન દ્વારા આંશિક રીતે ઉત્તેજિત દરિયાની સપાટીનું ઉચ્ચ તાપમાન, આ ઉનાળાની વિક્રમી ગરમી માટે મોટે ભાગે જવાબદાર હતું. તેમની ટીમની આગાહી મુજબ, આ ક્લાઈમેટ પેટર્નની સૌથી વધુ અસર ફેબ્રુઆરીથી આવતા વર્ષો એપ્રિલ સુધી જોવા મળશે.

# નિપાહથી ૧૦માંથી ૭ પીડિત દર્દીઓનાં મોત થઈ શકે છે : ICMR

(એજન્સી) તા.૨૦

કેરળે સંભવિત ઘાતક રોગના ફરીથી ઉભરવાના જવાબમાં કોઝીકોડ જિલ્લામાં સ્કૂલો, કાર્યાલયો અને જાહેર પરિવહનને બંધ કરી દીધા છે. ભારતીય આરોગ્ય અનુસંધાન પરિષદ (આઈસીએમઆર)એ ચેતવણી આપી છે કે નિપાહ પ્રભાવિત દર્દીઓના કેસમાં વધુ પડતો ઉચ્ચ મૃત્યુ દર જોવા મળ્યો છે, જેનાથી ૧૦ પીડિત વ્યકિતઓમાંથી ૭નાં મૃત્યુ થઈ શકે છે. કેરળમાં નવીનતમ પ્રકોપમાં બે લોકોનાં મોત થયા છે, પ્રશાસન વધુ પડતી સાવધાની સાથે સ્થિતિથી પહોંચી રહ્યા છે. કેરળ રાજય સરકારે ૧૩ સપ્ટેમ્બરે સ્કૂલ બંધ કરવાનો નિર્ણય વાયરસના પ્રસારની વિરૂદ્ધ સાવધાની તરીકે લેવામાં આવ્યો હતો, જેમાં અત્યાર સુધી બે મૃત્યુ અને છ પુષ્ટ કેસ સામે આવ્યા છે. પૂણેમાં નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ વાયરોલોજીમાં કરવામાં આવેલ પરીક્ષણોથી સમર્થન થયું કે ૩૦ ઓગસ્ટે કેરળમાં એક ૪૯ વર્ષીય વ્યકિતનું મોત નિપાહ વાયરસના કારણે થયું હતું. રાજયના બીજા પીડિત, ૪૦ વર્ષીય વ્યકિતનું ૧૧ સપ્ટેમ્બરે મોત થયું. આઈસીએમઆરના મહાનિર્દેશક ડો. રાજીવ બહેલે જણાવ્યું કે નિપાહ વાયરસ સંક્રમણમા મૃત્યુ દર ઘણો વધુ છે જો કોરોનામાં કુલ મૃત્યુ દર ૨.૩ ટકા હતો, તો અહીં મૃત્યુ દર ૪૦-૭૦ ટકા છે. તેમણે ભાર આપીને જણાવ્યું કે કેરળમાં વાયરસના પ્રસારને રોકવા માટે તમામ પ્રયાસ જારી છે. નિપાહનો પ્રથમ પ્રકોપ ૧૯૯૮માં મલેશિયામાં ભૂંડ પાલકોની વચ્ચે વાયરસ ફેલાયા પછી નોંધવામાં આવ્યો હતો. આ વાયરસનું નામ તે ગામના નામે રાખવામાં આવ્યું છે. જયાં તેની શોધ કરવામાં આવી હતી. નિપાહનો પ્રકોપ દુર્લભ છે, પરંતુ વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા તેને વૈશ્વિક મહામારી પેદા કરવાની ક્ષમતાના કારણે પ્રાથમિકતા અનુસંધાનના યોગ્ય અનેક રોગોમાંથી એક તરીકે સુચિબદ્ધ કરવામાં આવ્યા છે.

# મહિલા અનામત બિલ અંગે આ ૭ વાતો તમારે જાણવા જેવી છે




નવી દિલ્હી તા.૨૦

મહિલા અનામત બિલને લઈ સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, કેન્દ્ર સરકાર મહિલા અનામત બિલ લાવી શકે છે. સૂત્રોનું માનીએ તો સંસદના વિશેષ સત્રમાં આ બિલ રજૂ કરવામાં આવી શકે છે. નોંધનીય છે કે, મહિલા અનામત બિલ લગભગ ૨૭ વર્ષથી પેન્ડિંગ છે અને હવે સરકાર તેના ઉપર આ મોટું પગલું ભરવા જઈ રહી છે. સંસદના પાંચ દિવસીય સત્રના એક દિવસ પહેલા રવિવારે સરકાર દ્વારા સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. આ દરમ્યાન વિપક્ષી ગઠબંધન **'INDIA'** સહિત રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન **(NDA)**ના ઘણા પક્ષોએ જોરદાર સમર્થન કર્યું હતું. સત્રમાં મહિલા અનામત બિલ પાસ કરવામાં આવ્યું છે. જેના ઉપર સરકારે કહ્યું કે, તે યોગ્ય સમયે નિર્ણય લેશે. બેઠકમાં લોકસભા અને રાજ્યની વિધાનસભાઓ જેવી ચૂંટાયેલી સંસ્થાઓમાં મહિલા અનામતની જોરદાર હિમાયત કરવામાં આવી હતી. ભારતીય જનતા પાર્ટી **(BJP)** સાથી અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી **(NCP)**ના નેતા પ્રફુલ પટેલે આ માંગમાં કોંગ્રેસ અને તેના સાથી પક્ષોને ટેકો આપ્યો હતો. ઉપરાંત ભારત રાષ્ટ્ર સમિતિ **(BRS)**, તેલુગુ દેશમ પાર્ટી **(TDP)** અને બીજુ જનતા દળ **(BJD)**એ સંસદની કાર્યવાહીને નવા બિલ્ડિંગમાં સ્થાળાંતરિત કરવાના મહત્ત્વપૂર્ણ અવસર ઉપર મહિલા અનામત બિલ પસાર કરીને ઈતિહાસ રચવા સરકારને વિનંતી કરી. વર્તમાન લોકસભામાં ૭૮ મહિલા સભ્યો ચૂંટાયા હતા, જે કુલ ૫૪૩ની સંખ્યાના ૧૫ ટકા કરતા પણ ઓછા છે. ગયા ડિસેમ્બરમાં સરકાર દ્વારા સંસદ સાથે શેર કરવામાં આવેલા ડેટા અનુસાર રાજ્યસભામાં પણ મહિલાઓનું પ્રતિનિધિત્વ લગભગ ૧૪ ટકા છે.

૧. મહિલા અનામત બિલ હેઠળ સંસદ અને રાજયની વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની માંગ કરાઈ છે.

૨. એસસી/એસટી હેઠળ એક તૃતીયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત કરવાની માંગ થઈ છે, અનામત સીટો રોટેશનલ હશે.

૩. મહિલા અનામત બિલ પસાર થયા બાદ ૧૫ વર્ષ થશે ત્યારે આ અનામત ખતમ થઈ જશે. જો કે, આ બિલ કાયદાનો સ્વરૂપ લીધા બાદ થશે.

૪. બિલના સમર્થકોનું કહેવું છે કે, મહિલાઓની સ્થિતિ સુધરે તે માટે પગલાં ભરવા જરૂરી છે અને પંચાયત સ્તરથી અનામતથી ગ્રામીણ મહિલાઓનું સશક્તિકરણ કેવી રીતે થશે તેના ઉપર અભ્યાસ કરવાની માંગ કરાઈ છે.

૫. બિલના વિરોધીઓનું કહેવું છે કે, આ બિલ એ વાત ઉપર ભાર મૂકશે કે મહિલાઓ હરિફાઈ કરવાને લાયક નથી અને તેઓ મેરિટમાં ટકે તેમ નથી અને અસમાનતાને પ્રોત્સાહન મળશે.

૬. દરેક ચૂંટણીમાં મતવિસ્તારોમાં રોટેશન દરેક સભ્યની કામગીરીને અસર કરશે.

૭. ૧૯૯૬માં મહિલા અનામત બિલની ભલામણ કરાઈ હતી અને તેમાં અન્ય પછાત વર્ગોની મહિલાઓને અનામત આપવાની વાત થઈ હતી. તેની સાથે રાજયસભા અને વિધાન પરિષદને પણ આવરી લેવામાં આવી હતી.

# શા માટે માલદીવની પ્રમુખપદની ચૂંટણીના પરિણામ ભારતીય હિતોને નુકસાન કરી શકે છે

(એજન્સી) તા.૨૦

માલદીવની પ્રમુખપદની ચૂંટણીના પ્રથમ રાઉન્ડમાં વિપક્ષના ઉમેદવાર મોહમ્મદ મુઈઝુએ શનિવારે નોંધપાત્ર લીડ મેળવી હતી, જેના પરિણામે હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારત-ચીન ભૌગોલિક રાજનીતિક અસર થઈ શકે છે. નિરીક્ષકોનું કહેવું છે કે, માલે ઉપર તેમના વ્યૂહાત્મક પ્રભાવને જાળવી રાખવાની દૃષ્ટિએ ભારત માટે આ શ્રેષ્ઠ પરિણામ નથી. મુઈઝુ પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ્લા યામીનની આગેવાની હેઠળના ગઠબંધનના ઉમેદવાર છે જે ચીન તરફ ઝુકાવ ધરાવે છે. જો કે, મુઈઝુ ટાપુ રાષ્ટ્રના દિલ્હી અને બેઈજિંગ વચ્ચેના સંબંધોને સંતુલિત કરશે અને યામીનની જેમ ભારત સાથે મુકાબલો નહીં કરે.

**માલદીવનું વ્યૂહાત્મક મહત્વ :-**

માલદીવ ચીન અને ભારત બંને માટે વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવે છે. સાઉથ એશિયન યુનિવર્સિટીના આંતરરાષ્ટ્રીય સંબંધો વિભાગના અધ્યક્ષ ધનંજય ત્રિપાઠીએ ધ્યાન દોર્યું હતું કે સંદેશાવ્યવહારની બે મહત્ત્વપૂર્ણ દરિયાઈ રેખાઓ આ ટાપુ રાષ્ટ્રની નજીકથી પસાર થાય છે. ઓસ્ટ્રેલિયન નેશનલ યુનિવર્સિટીની નેશનલ સિક્યુરિટી કોલેજના સિનિયર રિસર્ચ ફેલો ડેવિડ બ્રુસ્ટરે કહ્યું હતું કે, માલદીવનું સ્થાન લશ્કરી રીતે પણ મહત્ત્વનું છે. તે ચીનને ઉત્તર હિંદ મહાસાગરના મુખ્ય વેપાર માર્ગો ઉપર નજર રાખવા માટે પણ મંજૂરી આપી શકે છે. હિંદ મહાસાગરની વ્યૂહાત્મક બાબતોમાં નિષ્ણાત બ્રુસ્ટરે જણાવ્યું હતું કે, માલદીવ વિદેશી હસ્તક્ષેપ માટે અત્યંત સંવેદનશીલ છે. શનિવારે પ્રથમ રાઉન્ડના મતદાનમાં રાજધાની માલેના મેયર મુઈઝુએ ૪૬% મત મેળવ્યા હતા. વર્તમાન પ્રમુખ અને માલદીવિયન ડેમોક્રેટિક પાર્ટીના નેતા ઈબ્રાહિમ સોલિહ ૩૯% મતો સાથે બીજા ક્રમે છે. કોઈપણ ઉમેદવારને ૫૦% મત મળ્યા ન હોવાથી આ બે અગ્રણી ઉમેદવારો વચ્ચે ૩૦ સપ્ટેમ્બરે મતદાનનો બીજો રાઉન્ડ થશે. મુઈઝુને બે વિરોધ પક્ષોના જોડાણ દ્વારા મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા- પૂર્વ પ્રમુખ યામીનની આગેવાની હેઠળની પ્રોગ્રેસિવ પાર્ટી ઓફ માલદીવ્સ અને પીપલ્સ નેશનલ કોંગ્રેસ. ૨૦૧૩ અને ૨૦૧૮ની વચ્ચે જ્યારે યામીનની પ્રોગ્રેસિવ પાર્ટી ઓફ માલદીવ સરકાર સત્તામાં હતી ત્યારે બેઈજિંગે માલે ઉપર નોંધપાત્ર પ્રભાવ મેળવ્યો હતો, જેના કારણે નિરીક્ષકો તેને ચીન તરફ ઝૂકાવતા હોવાનું માને છે. ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, યામીન જ્યારે રાષ્ટ્રપતિ હતા ત્યારે ચીને તેમની સાથે ભાગીદારી વિકસાવી હતી. ચીને માલદીવ્સમાં કેટલીક જટિલ માળખાકીય સુવિધાઓ વિકસાવી હતી અને યામીનના સમયમાં બેલ્ટ એન્ડ રોડ પહેલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ત્રિપાઠીએ કહ્યું કે, તેમણે પોતાની રાજકીય છબિ એક ભારત વિરોધી વ્યક્તિ તરીકે બનાવી છે. મુઈઝુએ વચન આપ્યું છે કે, જો તે રાષ્ટ્રપતિ પદની ચૂંટણી જીતી જશે, તો તે માલદીવમાં તૈનાત ભારતીય સૈન્ય કર્મચારીઓને હાંકી કાઢશે અને ટાપુ રાષ્ટ્રના વેપારને સંતુલિત કરશે. દિલ્હી સ્થિત થિંક ટેન્ક ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશનના દક્ષિણ એશિયાના સંશોધક આદિત્ય ગૌદરા શિવમૂર્તિએ જણાવ્યું હતું કે, મુઈઝુ આવશે તો ભારત શ્રેષ્ઠ સ્થિતિમાં નથી. મુઈઝુ ચીન સાથે ગાઢ સંબંધોની હિમાયત કરે છે. ભારતીય સૈન્ય કર્મચારીઓને હાંકી કાઢવાની મુઈઝુની પ્રતિજ્ઞાનો ઉલ્લેખ કરતા યુનિવર્સિટી ઓફ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયાના માલદીવિયન રાજકીય વૈજ્ઞાનિક અઝીમ ઝહીરે જણાવ્યું હતું કે, કર્મચારીઓને પાછા ખેંચવાનો દિલ્હીનો ઈન્કાર વિવાદ ઊભો કરશે. ઝહિરે સમજાવ્યું કે મુઈઝુની સ્થિતિ ખાસ કરીને ભારત વિરોધી નથી. તેમણે કહ્યું છે કે, તે ભારતના સંબંધોને મહત્ત્વ આપશે, પરંતુ તે સંભવિતપણે ચીન સાથે ગાઢ સંબંધોનું નવીકરણ કરશે. પ્રોગ્રેસિવ પાર્ટી ઓફ માલદીવ્સ-પીપલ્સ નેશનલ કોંગ્રેસથી વિપરીત શાસક માલદીવિયન ડેમોક્રેસી પાર્ટીને ભારતની પ્રથમ વિદેશ નીતિને પ્રોત્સાહન આપનાર તરીકે જોવામાં આવે છે. માલદીવિયન ડેમોક્રેસી પાર્ટીના નશીદ માલદીવને અનિવાર્યપણે ભારતને તેના સૌથી મહત્ત્વપૂર્ણ ભાગીદાર તરીકે જુએ છે. નશીદે આ રાષ્ટ્રપતિની ચૂંટણી લડી ન હતી, પરંતુ તેમના પ્રોક્સી ઉમેદવાર ઈલ્યાસ લબીબ ૭% મતો સાથે ત્રીજા સ્થાને રહ્યા હતા. મતદારોનું આ એક નોંધપાત્ર જૂથ છે. મુઈઝુ અને સોલિહ બીજા રાઉન્ડ માટે તૈયાર છે. રવિવારે નશીદે કહ્યું કે, તે બીજા રાઉન્ડમાં મુઈઝુને ટેકો આપવા માંગે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમની હાજરી મુઈઝુની ભારત વિરોધી સ્થિતિને હળવી કરવામાં મદદ કરી શકે છે. શિવમૂર્તિએ કહ્યું કે, જે ગઠબંધન બનશે તેના ઉપર ઘણું નિર્ભર રહેશે. શિવમૂર્તિએ ઉમેર્યું હતું કે, ૪૬% મતો સાથે, **PPM-PNC** તમામ રીતે આગળ વધવાનો વિશ્વાસ ધરાવે છે. પરંતુ તેઓએ તેમના વિકલ્પો ખુલ્લા રાખ્યા છે.

# હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટમાં કેસોની ફાળવણી માટે કોમ્પ્યુટરાઈઝ્ડ લોટરીનો ઉપયોગ કરવો જોઈએ : કાયદાના નિષ્ણાંતોની સલાહ

(એજન્સી) તા.૨૦



ગુરૂવારે નવી દિલ્હીમાં કાનૂની વિદ્વાન, લેખક અને એડવોકેટ ગૌતમ ભાટિયાનું નવું પુસ્તક, અનસીલ્ડ કવર્સઃ અ ડીકેડ ઓફ ધ કોન્સ્ટિટ્યુશન, ધ કોર્ટ્સ એન્ડ ધ સ્ટેટ'' લોન્ચ કરવા સમયે એક પેનલ ચર્ચામાં વકતાઓએ કહ્યું કે, આપણાં દેશમાં આજે 'આપણે શું પહેરીએ છીએ, શું ખાઈએ છીએ, શું બોલીએ છીએ, ક્યાં પૂજા કરીએ છીએ' એ બધા બંધારણીય મુદ્દાઓ બની રહ્યા છે અને ન્યાયાધીશોને પસંદગી કરવા અને ચુકાદો આપવા માટે ફરજ પાડવામાં આવી રહી છે. નવી દિલ્હીના ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર ખાતેની ચર્ચાનું સંચાલન વરિષ્ઠ સંપાદક સીમા ચિસ્તી દ્વારા કરવામાં આવ્યું હતું અને તેમાં ઓરિસ્સા હાઈકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ એસ મુરલીધર, અને પ્રખ્યાત ફોજદારી વકીલ રેબેકા જહોન હાજર રહ્યા હતા. ન્યાયાધીશોના અંગત અને રાજકીય પૂર્વગ્રહો, તેમના ચુકાદાઓ અને ન્યાયિક પ્રક્રિયાઓ ઉપર અસર કરે છે. ભાટિયા અને જહોન બંનેએ ન્યાયાધીશોની પૃષ્ઠભૂમિને અને વકીલોની મજબૂરી વિશે વાત કરી હતી. જહોને કહ્યું કે, હાઈકોર્ટમાં તેઓને હિન્દીમાં દલીલ કરવાની સલાહ આપવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના ૩૪ ન્યાયાધીશો કેસો સાંભળવા માટે બે બેચમાં બેઠા હતા, અને ભાટિયાએ દલીલ કરી હતી કે, ભારતના મુખ્ય ન્યાયાધીશને અલગ-અલગ બેન્ચને કેસ ફાળવવા દબાણ કરવું અયોગ્ય છે. તદુપરાંત, 'માસ્ટર ઓફ ધ રોસ્ટર' તરીકે અલગ- અલગ બેન્ચને કેસોની ફાળવણી કરવાની **CJI** પાસે રહેલી એ મનસ્વી સત્તા છે જે રાજકીય પક્ષો અને સરકારોને તેમના પોતાના નામાંકિતને **CJI**ને મૂકવાની તક આપે છે. તેમણે સૂચવ્યું કે, કોમ્પ્યુટરાઈઝ્ડ અને રેન્ડમાઈઝ્ડ લોટરી દ્વારા કેસોની ફાળવણીની વધુ સારી સિસ્ટમ છે, અન્ય ઉકેલ ફોજદારી, સેવા, શ્રમ અથવા કરવેરાની બાબતો માટે અલગ સુપ્રીમ કોર્ટ ઊભી કરી શકાય છે. ભાટિયાએ કહ્યું કે, ભારતમાં ન્યાયાધીશોની નિમણૂક જે રીતે થાય છે તે પણ સમસ્યારૂપ છે. ઉચ્ચ અદાલતો અને સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશોની નિમણૂકની ભલામણ કરતા કોલેજિયમના ઠરાવો ભાગ્યે જ કોઈ નોમિનીની માન્યતાઓ, પૂર્વગ્રહો અને પૃષ્ઠભૂમિ વિશે કોઈ વિચારો પ્રદાન કરે છે. વ્યવહારમાં, તમામ ન્યાયાધીશોના વ્યક્તિગત અને રાજકીય પૂર્વગ્રહો હોય છે. ન્યાયાધીશોની નિમણૂક કરવાની વધુ સારી વ્યવસ્થા કરવી જોઈએ. દક્ષિણ આફ્રિકામાં ન્યાયિક નિમણૂક પંચ આવું કરે છે. કમિશન જાહેર સુનાવણી કરે છે અને તેની ભલામણો કરતા પહેલા જાહેરમાં ઈન્ટરવ્યુ લે છે. આ ઈન્ટરવ્યુ દરમ્યાન દક્ષિણ આફ્રિકન કમિશન ઘણીવાર શોર્ટલિસ્ટેડ નોમિનીઓને બંધારણીય અદાલતના ચુકાદાને ઓળખવા માટે કહે છે જેની સાથે તેઓ અસંમત હોય; અને પછી તે ચુકાદાઓને રદ કરવા માટે તેઓ દલીલો કરે છે. ન્યાયાધીશોની નિમણૂક કરવાની યુએસ સિસ્ટમ 'પ્રામાણિક' છે, ભાટિયાએ જણાવ્યું હતું કે, વર્તમાન રાષ્ટ્રપતિ અને તે અથવા તેણી જે પક્ષનું પ્રતિનિધિત્વ કરે છે તે તેમના પોતાના મનપસંદ ન્યાયાધીશો સાથે સુપ્રીમ કોર્ટમાં ખાલી જગ્યાઓ ભરે છે. તે રાજકીય નિમણૂંક હોય છે. જસ્ટિસ મુરલીધર સંમત થયા હતા કે એવા સમયે જયારે કોર્ટમાં આવતા ઘણા મુદ્દાઓ રાજકીય મુદ્દાઓ હોય છે જે કાયદાકીય મુદ્દાઓ તરીકે ગણવામાં આવે છે. ભાટિયાએ દેશના જુદા જુદા ભાગોમાં હિંસા બાદ મકાનો તોડી પાડવાના કિસ્સાઓ ટાંક્યા હતા. આવા લગભગ તમામ કેસોમાં, શાસક પક્ષો 'વેર' અથવા 'ગુડ ગવર્નન્સ'ના પુરાવા તરીકે આવા મકાનો તોડી પાડવાનો દાવો કરે છે અને નગરપાલિકાઓ નોટિસો બહાર પાડે છે અને તે 'અતિક્રમણ' સાબિત કરે છે. ભાટિયાએ કહ્યું કે, ન્યાયાધીશ બનવું સહેલું નથી, પરંતુ માત્ર પ્રણાલીગત ફેરફારો અને સુધારા જ ન્યાયતંત્રને ન્યાય અને નાગરિકોની જરૂરિયાતો પ્રત્યે વધુ સંવેદનશીલ બનાવી શકે છે.

# UKની સ્ટુડન્ટ વિઝા ફીમાં રૂપિયા ૧૩,૦૦૦નો વધારો

લંડન, તા.૨૦

હાયર એજ્યુકેશન માટે વિદેશ જતા ભારતીયોમાં યુકે એક મહત્ત્વનો દેશ છે. અહીંની વિશ્વવિખ્યાત કોલેજો અને યુનિવર્સિટીઓ ભારતીયોને હંમેશાથી આકર્ષાતી રહી છે. છેલ્લા કેટલાક સમયમાં મોંઘવારી વધવાની સાથે સાથે યુકેમાં ભણવાનો ખર્ચ પણ વધતો જાય છે. તાજેતરમાં યુકેએ સ્ટુડન્ટ વિઝાની ફી વધારવાનો નિર્ણય લીધો છે. આ વધારો ૪ ઓક્ટોબરથી લાગુ થશે. ભારતીય વિદ્યાર્થીઓએ યુકેના વિઝા માટે ૧૨૭ પાઉન્ડ વધારે ચુકવવા પડશે. એટલે કે લગભગ ૧૩,૦૦૦ રૂપિયાનો ખર્ચ વધી જશે. યુકેની સંસદે સ્ટુડન્ટ વિઝા ફી વધારવા માટે ગયા અઠવાડિયે કાયદો પસાર કરી દીધો હતો. નવા સ્ટ્રક્ચર પ્રમાણે યુકેમાં છ મહિનાથી ઓછું રોકાણ કરવું હોય તો તેવા વિઝિટ વિઝા માટે ૧૫ પાઉન્ડનો વધારાનો ચાર્જ લાગશે, જ્યારે સ્ટુડન્ટ વિઝા ૧૨૭ પાઈન્ડ મોંઘા પડશે. હવેથી યુકેના છ મહિનાથી ઓછા સમયના વિઝિટ વિઝા જોઈતા હોય તો ૧૧૫ પાઉન્ડની વિઝા ફી ભરવી પડશે. જયારે યુકેના સ્ટુડન્ટ વિઝાની ફી ૪૯૦ પાઉન્ડ જેટલી રહેશે. યુકેમાં હાલમાં સરકાર અને પબ્લિક સેકટરના સાહસો વચ્ચે વેતનના મામલે ખેંચતાણ ચાલે છે. અહીં નેશનલ હેલ્થ સર્વિસમાં કામ કરતા લોકો વારંવાર હડતાલની ધમકી આપે છે અને વધારે વેતનની માંગણી કરી રહ્યા છે. તેના કારણે યુકેના વડાપ્રધાન યુકે સુનક આવક વધારવા માટે નવા નવા રસ્તા શોધી રહ્યા છે. જુલાઈ મહિનામાં જ સુનકે કહ્યું હતું કે નેશનલ હેલ્થ સર્વિસમાં જે ખર્ચ આવે છે તેને સપોર્ટ કરવા માટે વિઝા અરજદારો દ્વારા ચુકવવામાં આવતા હેલ્થ સરચાર્જ અને ફીમાં વધારો કરવામાં આવશે. સુનકે કહ્યું કે માઈગ્રન્ટ લોકો યુકે આવે ત્યારે વિઝા માટે જે ચાર્જ ચુકવે છે તેમાં વધારો કરવામાં આવશે. યુકેએ મોટા ભાગના વર્ક અને વિઝિટ વિઝાની ફીમાં ૧૫ ટકાનો વધારો કરવા નિર્ણય લીધો છે. પ્રાયોરિટી વિઝા, સ્ટડી વિઝા અને સ્પોન્સરશિપના સર્ટિફિકેટમાં ઓછામાં ઓછા ૨૦ ટકાનો વધારો કરવામાં આવશે. હોમ ઓફિસે આ ફી વધારાને યોગ્ય ગણાવીને કહ્યું કે ઈમિગ્રેશન અને નેશનાલિટી સિસ્ટમ ચલાવવા માટે ફીની આવકમાં વધારાથી ઘણો ફાયદો થશે. ફી નક્કી કરતી વખતે ઘણી બાબતો વિચારવામાં આવે છે જેથી યુકેના કરદાતાઓ ઉપર ઓછો ટેક્સ બોજ આવે. હવે જે ફી વધારવામાં આવી છે તે અલગ અલગ કેટેગરીમાં લાગુ થશે.

ધ શાદી ફેસ્ટિવલ - ૨૦૨૩

# અમદાવાદ ખાતે ધ શાદી ફેસ્ટિવલની ૧૯મી આવૃત્તિનું આયોજન

## અમદાવાદનો પ્રીમિયર લક્ઝરી કોચર વેડિંગ, જ્વેલરી અને લાઈફસ્ટાઈલ શો એક છત નીચે ફેશનના નવીનતમ વલણો ખરીદવાની નોંધપાત્ર તક

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૨૦

વર્ષ જૂની પરંપરાને આગળ ધપાવતો, ધ શાદી ફેસ્ટિવલ લગ્ન અને તહેવારો સંબંધિત પ્રસંગો માટે લક્ઝરી ફેશન, જ્વેલરી અને જીવનશૈલીની ખરીદીનો સંગમ છે. ફેસ્ટિવલના મુલાકાતીઓને એક જ છત નીચે ફેશનના લેટેસ્ટ ટ્રેન્ડનો પરિચય કરાવવામાં આવશે. ગુજરાત સ્થિત અગ્રણી ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની રેડ ઈવેન્ટ્સ દર વર્ષે નિયમિતપણે આ ફેસ્ટિવલનું આયોજન કરે છે, જે લગ્નની સીઝન પહેલા આતુરતાપૂર્વક એક બ્રાન્ડ બનાવે છે. આ વર્ષે, આ ફેસ્ટિવલ ૨૨ અને ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ અમદાવાદના સૌથી લક્ઝુરિયસ જેડ બેક્વેટ્સ, સિંધુ ભવન રોડ પર આયોજિત કરવામાં આવશે. ધ શાદી ફેસ્ટિવલ એ પરિવારોને ખરીદી માટે એક અનોખી તક પૂરી પાડશે જ્યાં આ વર્ષે લગ્નના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવ ઉચ્ચ અને ઉચ્ચ-મધ્યમ-વર્ગના પરિવારો માટે નવીનતમ વલણો જાણવા અને તેનું અવલોકન કરવા માટે ખૂબ મહત્વનો રહેશે. આ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન ૨૨મી સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે થશે.

અમદાવાદના સિંધુ ભવન રોડની બહાર જેડ બેક્વેટ્સ ખાતેના ધ શાદી ફેસ્ટિવલ દેશના પ્રતિષ્ઠિત ડિઝાઈનરોના નવીનતમ સંગ્રહ મુખ્ય આકર્ષણ હશે. ફેસ્ટિવલ દરમિયાન ૭૦ થી વધુ પ્રદર્શકોના ૨,૦૦૦ થી વધુ ઉત્પાદનો રજૂ કરવામાં આવશે. દરેક વેડિંગ ફંક્શન માટે તમામ મહત્વની અને જરૂરી કેટેગરીઝને ફેસ્ટિવલમાં સામેલ કરવામાં આવશે, ઉદાહરણ તરીકે, જ્વેલરી, બ્રાઈડલ વેર, ટ્રાઉસો, ફોટોગ્રાફી, વેડિંગ ટૂર અને ટ્રાવેલ, હોમ ડેકોર, બેગ્સ, ફૂટવેર, લાઈફસ્ટાઈલ એસેસરીઝ અને બીજી ઘણી બધી વસ્તુઓ. આગામી સિઝનના તેમના નવીનતમ કલેક્શનને લૉન્ચ કરી રહેલા ડિઝાઈનર્સ તહેવારમાં સૌથી મહત્વપૂર્ણ આકર્ષણોમાંનું એક હશે.

ધ શાદી ફેસ્ટિવલના આયોજક, રેડ ઈવેન્ટ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટર પૂજા અગ્રવાલના જણાવ્યા અનુસાર, ્જીહ્ હ ની ૧૯મી આવૃત્તિ મુલાકાતીઓને એક અનોખો શોપિંગ અનુભવ પ્રદાન કરશે કારણ કે અમે આ વર્ષે ઘણા વધુ નવા પ્રદર્શકો ઉમેર્યા છે. આ વખતે અમે દેશભરમાંથી ઘણા નવા જાણીતા જ્વેલર્સ અને ફેશન ડિઝાઈનર્સને અમદાવાદમાં આમંત્રિત કર્યા છે.

તેઓ બે દિવસીય ફેસ્ટિવલ દરમિયાન તેમના નવીનતમ કલેક્શન પ્રદર્શિત કરશે.'' પૂજા ડાયમંડ, ડીબી ઝવેરી, સરકાર જ્વેલર્સ, કે કે જ્વેલ્સ દ્વારા અતરશી, કલાવર્ણી જ્વેલ્સ પ્રા. Ltd, Fiona Solitaires Pvt Ltd અને ઘણા વધુપ ફેશન ડિઝાઈનર્સ અમિત જીટી નવી દિલ્હી, કૃપા કાપડિયા, ઓરુ પ્રેત, બીટરૂટ મુંબઈ, અનુપ્રાસ લિટલ વોગ હાઉસ, ક્યૂરેશન બાય અનુપ્રાસ અમદાવાદ સહિત અગ્રણી ડિઝાઈનર્સ અને અન્ય ઘણા પ્રદર્શકો તેમના ઉત્પાદનોનું પ્રદર્શન કરશે. અમારા ગિફ્ટિંગ પાર્ટનર ઈઝહાર - પ્રિસ્ટિન પેજ લાઈફસ્ટાઈલ પ્રોડક્ટ્સ તેમના ઉત્પાદનો પ્રદર્શિત કરશે. અમદાવાદ સ્થિત પૂજન ડેકોર ધ શાદી ફેસ્ટિવલ ના ડેકોર પાર્ટનર છે અને પ્રથમા વિઝન ધ શાદી ફેસ્ટિવલ ૨૦૨૩ના મીડિયા પાર્ટનર છે.

# માંગરોળ પોલીસ વિભાગ દ્વારા ગણેશ ચતુર્થી નિમિત્તે શાંતિ સમિતિની મિટિંગ યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા. ૨૦

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે પોલીસ વિભાગ દ્વારા શાંતિ સમિતિની મિટીંગ યોજાઈ હતી. ગણેશ ચતુર્થીને લઈને શહેરના હિન્દુ-મુસ્લિમ આગેવાનો સાથે સંવાદ કર્યો હતો. આ તકે પીએસઆઈ સોલંકી મેડમે ટ્રાફિકને લગતા પ્રશ્નો વિશે પણ ચર્ચાઓ કરી હતી અને દરેક ધર્મના તહેવારોને લઈને હિન્દુ-મુસ્લીમ આગેવાનોના સહકારની સરહાના કરી હતી. આ મીટીંગમાં પીએસઆઈ સોલંકી મેડમ, કોન્સ્ટેબલ સુરેશ ડાફડા, મુસ્લિમ સમાજના પ્રમુખ મુહમ્મદહુસૈન ઝાલા, હનીફ બતક, હસન કોતલ, યુસુફ ચાંદ, નિલેશ સોમૈયા, વિનુભાઈ મેસવાણીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# અકસ્માતમાં મૃત્યુ નીપજાવનાર આરોપીની અપીલ રદ કરતી એડીશ્નલ સેશન્સ કોર્ટ

## આરોપીને ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ બે વર્ષની સખ્ત કેદની સજા અને દંડનો હુકમ યથાવત રખાયો

જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢની એડીશ્નલ સેશન્સ કોર્ટે અકસ્માતમાં મૃત્યુ નીપજાવવાના ગુન્હામાં જૂનાગઢની ટ્રાયલ કોર્ટે આરોપીને કરેલ બે વર્ષની સજા અને દંડનો હુકમ યથાવત રાખવાનો તાજેતરમાં હુકમ કરેલ છે. આ કેસની વિગત એવી છે કે, તા.૧૬-૭-૧૮ ના રોજ સાંજના સમયે ફરીયાદીના ભાઈ એકટીવા ગાડીમાં મધુરમ બાયપાસ ગેઈટથી ઝાંઝરડા ચોકડી તરફ તેમની સાઈડમાં જતા હતા ત્યારે આરોપી નિલેશ ઉર્ફે ટકો અરજણભાઈ ઓડેદરા તેની સ્વીફટ કાર પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ફરીયાદી નટવરલાલના ભાઈની એકટીવા મોટરસાયકલ સાથે ભટકાવતા તેમના ભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન મૃત્યુ નીપજેલ હતું. આ બનાવ અંગે સી-ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી અને ત્યારબાદ ટ્રાયલ કોર્ટમાં આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ હતી. આ કેસ ટ્રાયલ કોર્ટ સમક્ષ ચાલી જતા તા.૧૮-૧૧-૧૯ના રોજ ટ્રાયલ કોર્ટ દ્વારા વિવિધ કલમો અંતર્ગત આરોપીને બે વર્ષની કેદ તથા દંડનો હુકમ કરવામાં આવેલ હતો. જે હુકમ સામે આરોપીએ જૂનાગઢની સેશન્સ કોર્ટમાં અપીલ કરેલ હતી. જેની તાજેતરમાં એડીશ્નલ સેશન્સ કોર્ટમાં સુનાવણી હાથ ધરાતા નામદાર કોર્ટે આરોપી પક્ષ અને ફરીયાદ પક્ષને સાંભળી નીચેની કોર્ટનો હુકમ યથાવત રાખી આરોપીને આઈપીસી કલમ ૨૭૯ મુબજ ત્રણ માસની સખત્ કેદની સજા અને રૂા.૧૦૦૦ દંડ, દંડ ન ભરે તો દિન-૧૫ ની સાદી કેદની સજા તથા આઈપીસી કલમ ૩૦૪ (એ) મુજબના ગુન્હામાં બે વર્ષની સખ્ત કેદની સજા અને રૂા.૨૦,૦૦૦ દંડ, આઈપીસી કલમ ૩૩૭ ના ગુન્હામાં ૬ માસની સખ્ત કેદની સજા અને રૂા.૫૦૦ દંડ, દંડ ન ભરે તો દિન-૧૫ ની સાદી કેદની સજા તથા મોટર વ્હીકલ એકટની કમલ ૧૩૪ના ભંગ બદલ કલમ ૧૭૭ મુજબના ગુન્હામાં રૂા.૧૦૦નો દંડ અને દંડ ન ભરે તો પાંચ દિવસની કેદની સજા તથા એમવી એકટ ૧૮૪ મુજબ ૩ માસની સાદી કેદની સજા અને રૂા.૧૦૦૦નો દંડ, દંડ ન ભરે તો એક માસની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે. તેમજ દંડની રકમમમાંથી ગુજરનારના વારસદારોને રૂા.૧૫૦૦૦ તથા ઈજા પામનારને રૂા.૫૦૦૦ વળતર પેટે ચુકવવાનો ટ્રાયલ કોર્ટનો હુકમ યથાવત રાખી આરોપીને કસ્ટડીમાં લેવા હુકમ કરેલ છે. આ કેસમાં ફરીયાદ પક્ષે સરકારી વકીલ અજય એમ. પારેખ રોકાયેલા હતા.

# યોગા બારની નવી નક્કોર બ્રાન્ડ – 'યોગા બેબી'

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૨૦

ભારતની અગ્રણી હેલ્થ ફૂડ બ્રાન્ડમાંથી એક, યોગા બાર હવે પોતાના વૈવિધ્યસભર પ્રોડક્ટ પોર્ટફોલિયોના પ્રોડક્ટ પરિવારને વધુ એક હૂંફભર્યા વધારા સાથે વધુ વ્યાપક બનાવે છે. યોગા બૅબીનું સ્વાગત કરવા તૈયાર થઈ જાવ – એક આરોગ્યવર્ધક નવી શ્રેણી, જે પરિવારોના સૌથી નાના સભ્યોની અનોખી પોષણ જરૂરિયાતોને પહોંચી વળવા માટે વિચારપૂર્વક રચવામાં આવી છે. રુચિકર પોરીજ મિક્સની આ નવી શ્રેણી પાંચ વૈવિધ્યોમાં આવે છે- સ્પ્રાઉટેડ રાગી ઍન્ડ મૅન્ગો, સ્પ્રાઉટેડ રાગી સ્ટ્રૉબૅરી, સ્પ્રાઉટેડ રાગી ઍન્ડ ઑટ્સ અને ઑટ્સ, ડૅટ્સ ઍન્ડ મિલેટ્સ.

માતા અને દાદીઓ દ્વારા વારસામાં ભેટરૂપે મળેલી પારંપારિક રેસિપીઝથી યોગા બૅબી પ્રેરિત છે. અનેક સદીઓથી આપણી સંસ્કૃતિનો સ્વાભાવિક ભાગ એવાં જાડાં ધાન્યો (મિલેટ્સ)ને આ શ્રેણીમાં સમાવી લેવામાં આવ્યાં છે. આ ઉત્પાદનોનું દરેક તત્વ સાવચેતીપૂર્વક અને નૈતિક રીતે મેળવવામાં આવ્યું છે. પોષણથી સમૃદ્ધ આ સંયોજનોને સર્વોત્તમ મિલેટ્સ, ઑટ્સ અને રાગી જેવા આખા અનાજનો ઉપયોગ કરી બનાવવામાં આવ્યા છે. માતાઓ અને વાલીઓ પોતાનાં મૂળિયાં સાથે જોડાય, જેથી પોતાનાં સંતાનોને પોષણની ભેટ આપી શકે-આ નક્કર પ્રતિબદ્ધતા સાથે યોગા બૅબી બજારમાં પ્રવેશી રહ્યું છે. એક સમર્પિત માતા અને યોગા બારનાં સહ-સંસ્થાપિકા અને સીઈઓ સુહાસિની સંપથે યોગા બૅબીનું સર્જન પોતાની નાની દીકરી માટે કર્યું છે. વ્યાપક શ્રેણીના લોકો માટે આ પ્રોડક્ટ લાઈન રજૂ કરતા તેઓ કહે છે, ''મારો ધ્યેય બહુ સાદો છે. મારે દરેક માતાઓ અને વાલીઓને એવાં સાધન કે ઉપાયો આપવાં છે, જેનાથી તેઓ પોતાનાં બાળકોને પોષણની પુષ્ટિ આપી શકે, જેની તેમના વિકસી રહેલાં મગજ અને શરીરને ખરા અર્થમાં જરૂર છે અને તે પણ ગુણવત્તાસભર સામગ્રી મેળવવી કોઈપણ પ્રકારની ચિંતા કર્યા વિના.''

''પરિવારો માટે યોગા બૅબી રજૂ કરતા અમે અપાર ગર્વ અને ઉત્સાહ અનુભવીએ છીએ. મારી નાનકડી દીકરીની માતા તરીકે, દરેક ભોજન પાછળની તૈયારી, વિચાર અને સાવચેતીપૂર્વકનું આયોજનનું મૂલ્ય મને સમજાય છે અને હું તેની સરાહના પણ કરૂં છું. કમનસીબે, આ બધું ઘણીવાર તમારા બાળક સાથેની કિંમતી ક્ષણોને તમારી પાસેથી છીનવી લે છે.'' તેમણે વધુમાં ઉમેર્યું હતું.

યોગા બૅબી મિક્સનું દરેક વૈવિધ્ય બાળકોના વિકાસનાં વર્ષોમાં તેમની અનોખી પોષણ જરૂરિયાતોને પહોંચી વળવા માટે વિકસાવવામાં આવ્યું છે. આ ઉત્પાદનો યોગા બારના ઑનલાઈન અને ઈ-કૉમર્સ મંચો પર ઉપલબ્ધ છે અને ટૂંક સમયમાં રિટેલ આઉટલેટ્સમાં પણ ઉપલબ્ધ થશે.

## UN શાંતિ મિશનમાં ૧૭૭ બહાદુર સૈનિકોએ સર્વોચ્ચ બલિદાન આપ્યું : રૂચિરા કંબોજ

# "શાંતિ હંમેશા ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક અને દાર્શનિક વારસાનો પાયો રહ્યો છે.." : UN પ્રતિનિધિ

નવીદિલ્હી, તા. ૨૦



સંયુકત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રુચિરા કંબોજે ન્યૂયોર્કમાં (New York) આયોજિત 'Discourse on Peace' કાર્યક્રમમાં જણાવ્યું હતું કે શાંતિ હંમેશા ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક અને દાર્શનિક વારસાનો પાયો રહ્યો છે. કંબોજે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત હંમેશા અહિંસા સમરસતા અને સહઅસ્તિત્વના આદર્શોને અપનાવ્યા છે. તેમણે મહાત્મા ગાંધીના પ્રભાવ પર ભાર મૂક્યો અને તેમને અહિંસક પ્રતિકારના ચેમ્પિયન તરીકે વર્ણવ્યા. નિવેદન આપતી વખતે કંબોજે એમ પણ કહ્યું કે ભારતે તેના સમગ્ર ઈતિહાસમાં અહિંસા, સૌહાર્દ અને સહઅસ્તિત્વના આદર્શોને અપનાવ્યા છે. મહાત્મા ગાંધી જેવા મહાન નેતાઓના ઉપદેશો, અહિંસક પ્રતિકારના ચેમ્પિયન અને જેમની પ્રતિમા અહીં ન્યુયોર્કમાં ઉભી છે. આ ઉપરાંત તેમણે વડાપ્રધાન સાથે શાંતિ પર વાત કરી હતી. નરેન્દ્ર મોદીના નિવેદન પર પ્રકાશ ફેંકતા કહ્યું કે તે મહાત્મા ગાંધી જેવા મહાન નેતાઓના ઉપદેશથી આવ્યું છે. પીએમ મોદીના નિવેદનની વાતને લઈ તેમણે કહ્યું કે યુદ્ધ આજના યુગની વિશેષતા ન હોવી જોઈએ. આ દ્રષ્ટિકોણ અને ઊંડી શ્રદ્ધા સાથે પગલાં લેવા જોઈએ. આજના યુગને યુદ્ધ તરીકે ન જોવો જોઈએ. આ વિઝન અને ઊંડી આસ્થા સાથે પગલાં લેવાયાં હતાં. જુલાઈની શરૂઆતમાં, યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (યુએનજીએ) શાંતિ નિર્માણ અને ટકાઉ શાંતિ પરની ચર્ચાને સંબોધિત કરતી વખતે, યુએનમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રૂચિરા કંબોજે પણ કહ્યું હતું કે અબજો યુએસ ડોલરના મૂલ્યના વૈશ્વિક દક્ષિણ વિકાસ પ્રોજેક્ટ્સ સાથે ભારતના સંબંધો અતૂટ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. કંબોજે જણાવ્યું હતું કે આ ઊંડાણપૂર્વક માનવ-કેન્દ્રિત અભિગમ સાથે, ભારત શાંતિ નિર્માણના તમામ પ્રયાસોમાં અડગ સાથી અને ઉત્પ્રેરક બનવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે જણાવ્યું કે ભારતે હંમેશા શાંતિ જાળવણી અને શાંતિ નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવી છે. એમ કહીને કે ભારત અહિંસામાં જડેલી શાંતિનું પ્રતિક છે. કંબોજે કહ્યું કે દેશને ૧૦ શાંતિ મિશનમાં તૈનાત ૬,૦૦૦ થી વધુ સુરક્ષા કર્મચારીઓ પર ગર્વ છે. તેમણે એ હકીકત પર દુઃખ વ્યક્ત કર્યું કે ૧૭૭ બહાદુર ભારતીય સૈનિકોએ સર્વોચ્ચ બલિદાન આપ્યું છે, જે સંયુક્ત રાષ્ટ્રના શાંતિ રક્ષા અભિયાનમાં સૈનિકો અને પોલીસનું યોગદાન આપતા તમામ દેશોમાં સૌથી વધુ છે.

# ઉના: ભૂપતાણી પરિવાર દ્વારા શ્રીમદ્ ભગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૦

ઉનાનાં આંગણે જલારામવાડીમાં ભૂપતાણી પરિવાર દ્વારા તા ૧૬/૯ થી તા ૨૨/૯/૨૦૨૩ સુધી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે.

આ કથામાં વ્યાસપીઠ ઉપર માળીયાહાટીના પુષ્ટિમાર્ગી શાસ્ત્રી કેતનભાઈ પેરાણી તેમની આગવી શેલીમાં કથાનું રસપાન કરાવશે. કથાના આજે ત્રીજા દિવસે સીતા સ્વયંવરની અદભુત ઝાંખી કરાવી શ્રોતાઓને મંત્રમુગ કરી દીધા હતા. કેતનભાઈ પેરાણી, આનંદભાઈ પેરાણી અને મેહુલભાઈ પેરાણીની જુગલજોડી હમેશાં જયાં પણ વ્યાસપીઠ પર બિરાજમાન થાય છે ત્યાં વર્જભૂમિમાં દર્શન કરાવે છે. અને તેમની અમૃતવાણીથી વૈષ્ણવ પરિવારને મંત્રમુગ્ધ કરી દે છે. તેમની વાણીનો લાભ લેવા ક્યાં ક્યાંથી શ્રોતાઓ આવે છે. આજે રામ જન્મ સીતા સ્વયંવર અને ક્રિષ્ણજન્મ મહોત્સવ ભૂપતાણી પરિવાર દ્વારા ધામધુમથી ઉજવાયો હતો.

## કોંગ્રેસ પ્રદેશના મહામંત્રી હરેશ વસાવાએ ભાજપનો ખેસ પહેર્યો



અમદાવાદ, તા. ૨૦

લોકસભા ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોએ તૈયારી આરંભી દીધી છે. આ પહેલા જ પક્ષપલટાની મોસમ શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી હરેશ વસાવા કોંગ્રેસને અલવિદા કહીને વિધિવત રીતે આજે ભાજપમાં જોડાયા છે. પરંતું ભાજપના સાંસદે કડવા શબ્દોથી મનસુખ વસાવાનું ભાજપમાં સ્વાગત કર્યું. લોકસભા ચૂંટણી પહેલા મનસુખ વસાવાની નિવેદનબાજીને કારણે રાજકીય માહોલ ગરમાયો છે. તેઓ સતત નિવેદનો આપીને ચર્ચામાં રહે છે. ત્યારે તેઓએ કહ્યું કે, કોંગ્રેસીઓ પોતાના ગોરખધંધા બચાવવા ભાજપમાં આવી રહ્યાં છે. મનસુખ વસાવાએ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી બાબતે પણ નારાજગી વ્યક્ત કરી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મંત્રી હરેશ વસાવાના ભાજપમાં જોડાવા પર નિવેદન આપ્યુ હતું કે, હરેશ વસાવા નર્મદા જિલ્લાના રહેવાસી છે. ભાજપમાં જોડાતા પહેલા પરામર્શ કરો. જે પણ કોઈ બીજી પાર્ટીમાંથી ભાજપમાં આવે તેને પેહલા ૫ વર્ષ કાર્યકર્તા તરીકે કામ કરવા દો પછી હોદ્દાઓ આપો. હરેશ વસાવા પોતાની શૈક્ષણિક સંસ્થાઓ બચાવવા માટે ભાજપમાં જોડાયો છે. હરેશ વસાવા ભાજપમાં જોડાયા તેનાથી મનસુખ વસાવા નારાજ નથી પણ પરામર્શ કરીને જોડવા જોઈએ. નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામ પટેલને જેલમાં જતા મેં બચાવ્યા છે. મનસુખ વસાવાએ કહ્યું કે, ભાજપની સૌથી મોટી તાકાત છે તો વિચારધારા વગરના લોકોને જોડવાની કોઈ જરૂર જ નથી. કોંગ્રેસના આગેવાનો ગોરખધંધા કરતા હતા તેમના ગોરખધંધા બચાવવા ભાજપમાં આવે છે. હરેશ વસાવા પોતે મજબૂત થાય, ભાજપને મજબૂત કરવાની કોઈ જરૂર નથી, ભાજપ તો મજબૂત જ છે. કોંગ્રેસના હરેશ વસાવાને જોડતા હોઈ બીજા કોઈ લોકોને જોડતા હોય તો આદિવાસી મોરચાના પૂર્વ પ્રમુખ હર્ષદ વસાવા અને તેમના સાથીઓને પણ ભાજપમાં ફરી જોડવા જોઈએ.

# જૂનાગઢમાં જલારામ મંદિરમાં ગણપતિ ભગવાનની મૂર્તિનું સ્થાપન થયું


જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢમાં હવેલી ગલીમાં હાલમાં બિરાજમાન જલારામ બાપા તથા વીરબાઈમાંના મંદિર ખાતે ૧૦ દિવસ માટે શ્રીગણેશ મહોત્સવ ભાવભેર રીતે ઉજવવામાં આવશે. અહીં પીઓપીની મૂર્તિને બદલે ધાતુની મૂર્તિને બિરાજમાન કરીને ભાવિકો માટે દર્શનાર્થે મુકવામાં આવેલ છે. આ પ્રસંગે જલારામ બાપાના સેવકો દ્વારા શુધ્ધ ઘી માં બનાવેલ ૧૧૧૧ ચુરમાના લાડુ ગણપતિ દાદાના ચરણોમાં પધરાવવામાં આવેલ છે જે પ્રસાદી રૂપે ભાવિકોને આપવામાં આવશે.

દશ દિવસ સુધી ગણપતિ દાદાની મૂર્તિને ફરીથી પ્રક્ષાલ વિધી કરીને મંદિરમાં મુળ સ્થાને પ્રસ્થાપિત કરીને આખું વર્ષ દિવસમાં બે વખત સવાર-સાંજ આરતી-પૂજા થશે. આ મંદિર ખાતે છેલ્લા ઘણાં વર્ષથી ધાતુની મૂર્તિ સ્થાપિત કરીને શ્રીગણેશ મહોત્સવ ઉજવવામાં આવી રહયો છે. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો દર્શનનો લાભ લે છે.

અહીં મૂર્તિનું વિસર્જન કરવામાં આવતું નથી પરંતુ આખુ વર્ષ પૂજા-આરતી કરવામાં આવે છે. આ મંદિરના સેવકોનું માનવું છે કે, સર્જનકર્તા ભગવાનનું વિસર્જન હોઈ ના શકે. તેથી પીઓપીની મૂર્તિનું સ્થાપના કરવાને બદલે ધાતુની મૂર્તિનું સ્થાપન કરવામાં આવે છે અને સ્થાપન કરતા પહેલા અને પછી શુધ્ધ ગુલાબજળ અને ગંગાજળથી મૂર્તિનું પ્રક્ષાલન કરવામાં આવે છે.

# ગીરગઢડાના બોડીદર ગામે છેલ્લા એક માસમાં ૫૦ થી વધારે ગાયોનું સિંહોએ મારણ કર્યુ





(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૦

ગીરગઢડા તાલુકાના બોડીદર ગામે છેલ્લા એક માસમાં ૫૦ થી વધારે ગાયોનું મારણ સિંહો દ્વારા થયાનું જાણવા મળેલ છે. છેલ્લા ઘણા દિવસોથી વનરાજાએ થી ગાયોનું મારણ કરી ગામમાં હાહાકાર મચાવેલો છે. ગઈ રાત્રિના પાંચ ગાયનું મારણ કરી વનનો રાજા ફરી પાછો ગીર જંગલમાં પ્રયાણ કરી ગયો હતો. નાના એવા ગામમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. જંગલ ખાતા દ્વારા તાત્કાલિક તેમને પકડી અને સલામત સ્થળે ગિર જંગલ મધ્યે મૂકી આવે તેવી ગ્રામજનોને માંગણી ઉઠવા પામેલ છે.

# ઈતિહાસના અધ્યાપક હરદાસ રામ પી.એચડી. થયા : અભિનંદનની વર્ષા



જૂનાગઢ, તા. ૨૦

કેશોદ પાસેના ખમીદાણાના વતની ઈતિહાસના અધ્યાપક હરદાસ રાજદેભાઈ રામે ઈતિહાસ વિષયમાં ડો. શંભુપ્રસાદ હરપ્રસાદ દેશાઈનું વિવિધ ક્ષેત્રોમાં પ્રદાન ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં (ઈ.સ.૧૯૦૮ થી ૨૦૦૦) વિષય લઈ જેના ઉપર સંશોધન કરી મહાનિબંધ રજૂ કરતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ તેને પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. જેના માર્ગદર્શક તરીકે ડો.સુભાષ મહિલા કોલેજ જૂનાગઢના ડો.પ્રદ્યુમ્ન ખાચર હતા, જે બદલ સંસ્થાના ટ્રસ્ટી જવાહરભાઈ ચાવડા અને આચાર્ય બલરામ ચાવડાએ બંનેને અભિનંદન પાઠવ્યા છે.

